
# વિશ્વ નવનિર્માણ અને સહજ રાજયોગ
# પ્રદર્શન અંક




## પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વ-વિદ્યાલય
## માઉન્ટ આબુ. (રાજસ્થાન)




મનુષ્ય તેના જીવનમાં કેટલીય પહેલીઓ ઉકેલે છે અને પરિણામે ઈનામ પણ મેળવે છે. પરંતુ આ નાનીશી પહેલીનો ઉકેલ કોઈ જાણતું નથી કે- "હું કોણ છું". આમ તો દરેક મનુષ્ય આખો દિવસ "હું...હું..." કહેતો જ રહે છે. પરંતુ જો તેને પૂછવામાં આવે "હું" કહેનાર કોણ છે. તો તે કહેશે કે-"હું" 'પરમાનંદ', 'સત્યપ્રકાશ', 'સદાશિવ', ....છું. પરંતુ જો વિચારવામાં આવે તો વાસ્તવમાં એતો શરીરનું નામ છે; શરીર તો 'મારું' નામ છે, 'હું' તો શરીરથી અલગ છું! બસ, આ નાનીશી પહેલીનો વ્યાવહારિક ઉકેલ ન જાણવાના કારણે, અર્થાત્ પોતાને ન જાણવાના કારણે, આજે બધા મનુષ્યો દેહ-અભિમાની **(Body-conscious)** છે અને બધા કામ-ક્રોધ વગેરે વિકારોને વશ છે તથા દુઃખી છે.

અત્યારે પરમપિતા પરમાત્મા કહે છે કે - આજે મનુષ્યમાં ઘમંડ તો એટલો છે કે તો સમજે કે - "હું શેઠ છું, અમલદાર છું, ન્યાયાધીશ છું, અધ્યક્ષ છું..." પરંતુ એ એટલો બધો અજ્ઞાની છે કે તે પોતાને પણ જાણતો નથી. "હું કોણ છું, સૃષ્ટિરૂપી નાટક આદિથી અંત સુધી કેવી રીતે રચાયું છે, હું તેમાં ક્યાંથી આવ્યો, ક્યારે આવ્યો, કેવી રીતે સુખ-શાંતિનું રાજ્ય ગુમાવ્યું તથા પરમપ્રિય પરમપિતા પરમાત્મા (આ સૃષ્ટિના રચનાર) કોણ છે", આ રહસ્યોને કોઈ પણ જાણતું નથી. હવે જીવનની આ પહેલી (Puzzle of life) ને ફરીથી જાણીને મનુષ્ય આત્મ-અભિમાની (Soul concious) બની શકે છે અને ફરીથી તેના ફળ સ્વરૂપે નરને શ્રી નારાયણ અને નારીને શ્રી લક્ષ્મી પદની પ્રાપ્તિ થાય છે અને મનુષ્યને મુક્તિ મળી જાય છે.

# જ્ઞાન-યોગ-પવિત્રતા-શાંતિનું
# માર્ગદર્શક આધ્યાત્મિક પ્રદર્શન

જ્યારે કોઇ માણસ દુ:ખી અને અશાંત બને છે ત્યારે ભગવાનને કહે છે, "હે દુ:ખહર્તા સુખકર્તા, શાંતિદાતા પ્રભુ મને શાંતિ આપો." વિકારોને દૂર કરવા માટે પણ પરમાત્માને જ પ્રાર્થના કરે છે કે "વિષય-વિકાર મિટાવો, પાપ હરો દેવા" પરંતુ આ સંગમયુગના સમયે પરમપિતા પરમાત્મા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા વિકારો, બૂરાઇઓને દૂર કરવા માટે ઇશ્વરીય જ્ઞાન આપે છે અને સહજ રાજયોગ શીખવાડે છે, તેની તેમને જાણ નથી, અને વ્યવહારિક રૂપમાં તેઓ ધારણ કરતાં નથી. પરમપિતા પરમાત્મા તો આપણને માર્ગદર્શન આપે છે અને મદદ કરે છે, પરંતુ શ્રેષ્ઠ અને પવિત્ર જીવન બનાવવાનો પુરુષાર્થ તો આપણે જ કરવો જોઇએ; જેનાથી સાચા સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય.

આગળના પાનાઓ ઉપર ચિત્રો અને તેને સમજાવતાં લખાણો દ્વારા આધ્યાત્મિક જ્ઞાન અને સહજ રાજયોગનું જ્ઞાન આપવામાં આવ્યું છે જે જીવનને દિવ્ય બનાવવામાં ઉપયોગી થઇ પડશે. વધુ સમજ માટે પાના નં. ૫૨ ઉપર જણાવેલ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વવિદ્યાલયના કોઇપણ સેવા કેન્દ્રનો સંપર્ક સાધો.

## અમૃત સૂચિ


| | | |
|---|---|---|
| ૧ | હું કોણ છું? | ૨ |
| ૨ | ચાલો ત્રણ ધામની યાત્રા કરીએ | ૫ |
| ૩ | એક આશ્ચર્યજનક વાત | ૬ |
| ૪ | પરમાત્મા એક છે અને નિરાકાર છે | ૯ |
| ૫ | સર્વશક્તિવાન પરમાત્માની અદ્ભુત શક્તિ | ૧૦ |
| ૬ | શિવ પરમાત્માનું દિવ્ય અવતરણ | ૧૩ |
| ૭ | એક મહાન ભૂલ | ૧૪ |
| ૮ | સૌથી મોટી મુંઝવણનો ઉકેલ | ૧૭ |
| ૯ | સર્વ મનોકામના પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ | ૧૮ |
| ૧૦ | પ્રભુમિલન માટેનો ગુપ્ત પુરુષોત્તમ સંગમયુગ | ૨૧ |
| ૧૧ | ૮૪ જન્મોની કહાણી દર્શાવતી વિચિત્ર સીડી | ૨૨ |
| ૧૨ | ખુશીની વાત, મનુષ્યાત્મા ૮૪ લાખ યોનિઓ ધારણ કરતો નથી. | ૨૫ |
| | પ્રજાપિતા બ્રહ્મા અને જગદંબા સરસ્વતી | ૨૬ |
| | શાંતિસ્તંભ-સ્મૃતિસ્તંભ | ૨૭ |
| ૧૩ | માયાજીતે જગતજીત બનાવનાર સ્વદર્શનચક્ર | ૨૮ |
| ૧૪ | સાવધાન! કુંભકર્ણ ન બનો | ૩૧ |
| ૧૫ | ભારતનો જૂનો દુશ્મન રાવણ | ૩૨ |
| ૧૬ | બાપુ ગાંધીજીનું સ્વપ્ન : રામરાજય | ૩૫ |
| ૧૭ | ભારતના લાડીલા શ્રી કૃષ્ણનું આગમન | ૩૬ |
| ૧૮ | ગીતાનું જ્ઞાન આપનાર કોણ? | ૩૯ |
| ૧૯ | એક ગુહ્ય પહેલી તથા ભગવાનનો વિચિત્ર રથ | ૪૦ |
| ૨૦ | અમારું મુખ્ય ધ્યેય તથા કર્તવ્ય : ઘરઘરમાં સ્વર્ગ | ૪૩ |
| ૨૧ | રાજયોગનો આધાર અને વિધિ | ૪૪ |
| ૨૨ | રાજયોગના નિયમ | ૪૭ |
| ૨૩ | રાજયોગથી પ્રાપ્તિ : અષ્ટ શક્તિઓ | ૪૮ |
| ૨૪ | રાજયોગની યાત્રા : સ્વર્ગ તરફ દોડ | ૫૧ |
| | ગુજરાતના સેવાકેન્દ્રોના સરનામાં | ૫૨ |


**મુદ્રક :** ઓમશાંતિ પ્રેસ, જ્ઞાનામૃત ભવન, શાંતિવન, તળેટી, પો. ઓ. મુદરલા, આબુરોડ - ૩૦૭ ૦૨૬. (રાજસ્થાન)

# ૧. હું કોણ છું?

**આ** જે મનુષ્ય મનુષ્યજીવનના અનેકાનેક પ્રશ્નોને હલ કરે છે. સવારથી સાંજ સુધીની દિનચર્યામાં મનુષ્ય કહેતો જ રહે છે-મેં આમ કર્યું, મારાથી આમ થયું, વગેરે. પરંતુ આજે મનુષ્ય પોતાની વાસ્તવિક જાતને સમજતો નથી કે હું કોણ છું? કોઇને પૂછવામાં આવે તો જવાબ મળે છે ફલાણાભાઇ, ઓફિસર, શેઠ વગેરે. તો સવાલ થાય છે-જન્મ વખતે તે નામ હતુ? તો આપ કોણ છો? ક્યાંથી આવ્યા છો? આપને અહીં શું કરવાનું છે અને આપ ક્યાં જવાના છો? આ જે મૂળભૂત પ્રશ્નો છે તેનો જો મનુષ્યને ઉકેલ મળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય. પરંતુ એ ઉકેલ કોણ આપી શકે? આપણે કહીશું કે જ્ઞાનસાગર પરમાત્મા. સામાન્ય રીતે પણ આપણે વાંચતા આવ્યા, સાંભળતા આવ્યા છીએ કે શાસ્ત્રોનો સાર અને વેદનો ભેદ પરમપિતા પરમાત્મા સિવાય કોઇ બતાવી શકે નહિ. તો વર્તમાન સમયે પરમાત્મા શિવ જ્ઞાન આપતાં આપણને-બાળકોને કહે છે-તમે મનુષ્ય નથી; પરંતુ તમે આત્મા છો.

સામાન્ય રીતે પેન, ઘડિયાળ વગેરે જેવી ચીજ માટે 'મારી' શબ્દ જોડીએ છીએ અને તે શરીરથી અલગ છે. તેવી જ રીતે મુખ દ્વારા જે શક્તિ શબ્દ-ઉચ્ચારણથી ઉત્પન્ન થાય છે, તે હંમેશ કહે છે-મારો હાથ, મારું-માથું, મારું શરીર. માટે શરીર અને બોલનાર ચૈતન્ય શક્તિ બંને અલગ છે. તેનો અનુભવ કોઇપણ માણસ શરીર છોડે છે ત્યારે થાય છે. મૃતદેહ પડયો રહે છે પરંતુ ચૈતન્યશક્તિ (આત્મા)ની ગેરહાજરીથી બધી ક્રિયાઓ બંધ પડે છે એટલે કે શરીર જડ છે, નાશવંત છે. જ્યારે આત્મા અજર, અમર અને અવિનાશી છે કારણ કે વિજ્ઞાને પણ આપણને સાબિત કરી આપ્યું છે કે દુનિયાની કુલ શક્તિ એટલી ને એટલી જ રહે છે ફક્ત એક પદાર્થથી બીજામાં રૂપાંતર થાય છે, તેમ આત્મા પણ એક શરીર છોડી બીજું શરીર ધારણ કરે છે.

જેમ મોટર ચલાવનાર ડ્રાઇવર છે, તેમ શરીર ચલાવનાર આત્મા છે. મોટર ચલાવનાર ક્યારેય તેની જાતને મોટર કહે છે? ના, તો આત્મા શા માટે હંમેશા શરીરભાનમાં જ રહે છે કે હું ફલાણાભાઇ, ફલાણીબેન વગેરે. જેમ શેક્સપિયરે કહ્યું છે કે, ''The world is a stage where souls are acting as actors'' તેમ આત્મા પરમધામથી નીચે આ રંગમંચ ઉપર પોતાનું પાત્ર ભજવવા આવે છે. તેથી તો દુનિયાના મનુષ્યોની અથવા એક કુટુંબના સભ્યોની રહેણીકરણી, ભાવ, રૂપરંગ મળતાં આવતાં નથી, અને જેમ નાટકમાં પાત્રોને સ્થૂળ સંબંધ હોતા નથી તેમ આપણે પણ ઘણી વખત કંટાળી જઇ કહીએ છીએ કે આ દુનિયામાં કોઇ કોઇનું નથી. આત્મા પરમાત્માનું સંતાન છે. પરમાત્માનું નામ છે શિવ. આત્માનું નામ છે શાલિગ્રામ.


જેમ હાથપગ વગેરે શરીરના અવયવો જુદા જુદા છે તેમ આત્માના અવયવો ત્રણ છે-મન, બુદ્ધિ અને સંસ્કાર. જીવન દરમ્યાન પ્રથમ વિચારવાનું, ત્યારબાદ નિર્ણય લેવાનું અને આખરે પ્રેક્ટીકલમાં જે કામ થાય છે તેને સંસ્કાર કહેવામાં આવે છે તેને આધારે આપણે ઘણી વખત બોલીએ છીએ કે તે તો પરમાત્મા છે, પુણ્યાત્મા છે, વગેરે. આ આત્માનું રૂપ છે જ્યોતિબિંદુ કે જે શરીરમાં બે ભ્રૂકુટિની વચ્ચે નિવાસ કરી શરીરનું નિયંત્રણ કરે છે તેનો સ્વભાવ શાંત છે. તેથી આપણે ઓમ્ શાંતિ કહીએ છીએ હું આત્મા શાંતસ્વરૂપ છું, પરંતુ આજે મનુષ્ય દેહભાનમાં હોવાથી વિચારોમાં ગોથાં ખાય છે. આત્માભિમાની બની પરમાત્માભિમાની બને તો દુનિયાના દરેક દુઃખમાંથી મુક્ત થઇ તે નાટક પૂરું થતાં પરમાત્માની સાથે મુક્તિમાં જઇ વૈકુંઠપદને પ્રાપ્ત કરી શકે છે. ફક્ત પોતાને આત્મનિશ્ચય કરવાથી જ કેટલું મોટું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે!

# હું કોણ છું?



हड्डी मांस का पुतला
आप आत्मा हैं
YOU ARE A SOUL
जीवात्मा
आत्मा
SOUL
मन
MIND
बुद्धि
INTELLECT
संस्कार
RESOLVES
SKELETON OF BONES
& FLESH
HUMAN BEING
जैसे ड्राईवर मोटर का नियन्त्रण करता है
उसी प्रकार आत्मा शरीर का नियन्त्रण करती है
शरीर रूपी मोटर BODY-THE MOTOR
आत्मा-ड्राइवर
AS THE DRIVER CONTROLS THE
MOTOR,SOUL CONTROLS THE BODY

# ચાલો ત્રણ ધામની યાત્રા કરીએ




**सर्वव्यापकता भावना है, सिद्धांत नहीं**

**OMNIPRESENCE OF GOD IS A FEELING, NOT A FACT.**

# ૨. ચાલો ત્રણ ધામની યાત્રા કરીએ

**સા**માન્ય રીતે ત્રણ લોક વિષે પૂછવામાં આવે છે તો મનુષ્યના મુખમાંથી આકાશ, પાતાળ અને પૃથ્વી એમ ત્રણ શબ્દ નીકળે છે. આર્મસ્ટ્રોંગ અને એલ્ડ્રીન ચંદ્ર પર જઇ આવ્યા. ભાગવતમાં કહ્યા પ્રમાણે પૃથ્વી ઉપર અને ચંદ્રની નીચેના ભાગમાં યક્ષ, રાક્ષસ અને પિશાચની વસ્તી છે. આ સઘળી માન્યતાઓ ઉપરના અવકાશયાત્રીઓએ ખોટી સાબિત કરી છે, તેવી જ રીતે વિવેક પણ કહે છે કે પાતાળમાં પણ કોઇ વસ્તી ન હોઇ શકે. પૃથ્વી પર વસ્તી છે અને તેને લોક કહી શકાય.

મનુષ્યાત્મા શાંતિની ઝંખના કરે છે પરંતુ શાંતિધામ ક્યાં છે? એ શાંતિદાતા, સુખદાતાને મનુષ્ય મળવા ચાહે છે. અરે! ભગવાન ધર્મગ્લાનિના સમયે દિવ્ય જન્મ લે છે, તો એ મુક્તિધામ અગર શાંતિધામ અથવા તો પરમાત્મા ક્યાં છે? આત્માનું જે વહાલું મૂળ વતન છે તેને પણ આજનો મનુષ્ય ભૂલી જઇ દુઃખી અને અશાંત થઇ ગયો છે, તદુપરાંત તે ન જાણવાથી સ્વધામ પાછો પણ જઇ શકતો નથી. માટે સમસ્ત સૃષ્ટિ પરમાત્મા શિવના ધામમાં જવાની આશા રાખે છે.

ખુદ ગીતાજ્ઞાનદાતા પરમપિતા પરમાત્મા વર્તમાન સમયે દિવ્ય અવતાર લઇ મનુષ્યઆત્માની લાંબી ઝંખનાને તૃપ્ત કરવા આ ત્રણ લોકનું જ્ઞાન આપતાં કહે છે બાળકો, વાસ્તવમાં ત્રણ દુનિયા છે :- (૧) સાકાર મનુષ્યલોક (સ્થૂળ વતન) (૨) આકારી દુનિયા (સૂક્ષ્મ વતન) (૩) નિરાકારી દુનિયા (મૂળ વતન).

**૧. સાકાર મનુષ્યલોક (Corporeal World)** :- પૃથ્વી અને સૂર્ય, ચંદ્ર અને તારાઓવાળી આ દુનિયા પાંચતત્ત્વોની બનેલી છે તેમાં સાકાર શરીરમાં મનુષ્ય આત્માઓ પોતાને મળેલ પાત્ર ભજવે છે, જેથી તેને રંગમંચ અથવા તો કર્મક્ષેત્ર-ભૂમિ પણ કહેવામાં આવે છે, અહીં સંકલ્પ, ધ્વનિ અને કર્મ ત્રણેય હોય છે અને કર્મની ગુહ્ય ગતિ અનુસાર મનુષ્ય સુખદુઃખ પણ અહીં જ ભોગવે છે.

**૨. સૂક્ષ્મલોક (Subtle World)** :- સૂર્ય, ચંદ્ર અને આકાશ-તત્ત્વથી પણ ઉપર આ લોક આવેલો છે. ત્યાં પ્રકાશ જ છે. આ દુનિયામાં હાડકાં, માંસ વગેરે વગરના શરીરધારી દેવતાઓ હોય છે, એટલે તેમને આકારી કહેવામાં આવે છે અને તેથી આકારી દુનિયા પણ કહેવાય છે. આ દુનિયામાં સંકલ્પ હોય છે, ક્રિયા થાય છે, વાતચીત થાય છે પરંતુ અવાજ આવતો નથી. આકારી દેવતાઓની અહીં ત્રણ પુરી હોય છે - બ્રહ્માપુરી, વિષ્ણુપુરી અને શંકરપુરી. આ દુનિયામાં અશાંતિ-દુઃખ હોતા નથી.

**૩. બ્રહ્મલોક (Incorporeal World)** :- દેવતાપુરી ઉપરના ભાગમાં એક લોક છે, તેને પરલોક, નિર્વાણધામ, મુક્તિધામ, શાંતિધામ, શિવપુરી વગેરે નામો પણ આપવામાં આવે છે. ત્યાં લાલ રંગનો સોનેરી પ્રકાશ હોય છે, અને છઠ્ઠા તત્ત્વ-બ્રહ્મતત્ત્વ પર આધારિત છે અને તેથી તેને મહાતત્ત્વ કહેવામાં આવે છે, અહીં ખુદ પરમપિતા પરમાત્માનું નિવાસસ્થાન છે, જ્યારે સૃષ્ટિચક્ર પૂરુ થાય છે ત્યારે પરમાત્મા સૃષ્ટિ પર દિવ્યજન્મ લઇ પતિત આત્માઓને પાવન બનાવે છે, ત્યારે જ સર્વ આત્માઓ પાછા આ દુનિયામાં આવી શકે છે આ દુનિયામાં કોઇ દેશનું બંધન, કોઇ કર્મનું બંધન અથવા કોઇ જન્મ-મરણનું બંધન હોતું નથી. આ દુનિયામાં સંકલ્પ, વચન કે કર્મ હોતાં નથી.

અમરનાથ, વિશ્વેશ્વરનાથ પરમાત્મા શિવની આ પુરી છે. આ પુરીમાં કોઇ દેહધારી મનુષ્ય ગુરુ લઇ જઇ શકે નહિ. પરંતુ એક પરમાત્મા આત્માઓના સાચા સદ્‌ગુરુ બની આપણને આ દુનિયામાં લઇ જાય છે. ત્યાં આત્મા ચિરકાળની અશાંતિમાંથી મુક્ત થઇ પરમશાંતિનો ઊંડો શ્વાસ લે છે.


# ૩. એક આશ્ચર્યજનક વાત

મનુષ્ય પરમાત્માને ''હે પિતા'', ''હે દુ:ખહર્તા, સુખકર્તા પ્રભુ'' (O ! Heavenly Godfather) વગેરે સંબંધસૂચક શબ્દોથી યાદ કરે છે. પરંતુ જ્યારે પૂછવામાં આવે છે કે પરમાત્મા સાથે આપનો શો સંબંધ છે? ત્યારે ભાગ્યે જ 'પિતા' શબ્દ મુખમાંથી નીકળે છે. આજની મનુષ્ય-સૃષ્ટિ પારલૌકિક પિતાને ભૂલી ગઇ છે. ભલે સૌ ''ભગવાન'' કહે છે પરંતુ સુખશાંતિનો જન્મસિદ્ધ અધિકાર આપવાવાળા એ પરમપિતા કોણ છે? સૃષ્ટિના સર્જનહાર (ચૈતન્ય બીજ) નિરાકાર પરમાત્મા કોણ છે? તેનો સચોટ અને સત્ય પરિચય મનુષ્ય પાસે નથી. તેથી તેમની સાથેનો સંબંધ અને સ્નેહ અધૂરો હોવાને કારણે સ્મૃતિ પણ ટકી રહેતી નથી. ભલે બે વ્યક્તિ સામે મળતાં રામરામ કહે, ભલે ભક્ત અથવા પૂજારી મુખથી રામરામ બોલે; પરંતુ જેમ લૌકિક પિતાને યાદ કરતાં તેમનો સ્વભાવ, બાંધો, નામ, રૂપ, ગુણ અને કર્તવ્ય યાદ આવે છે, તેમ ભગવાનની બાબતમાં યાદ આવતું નથી. પરિણામે મન ક્યાંય ભટક્યા કરે છે. માળાના મણકા એક બાજુ ફરે છે જ્યારે મનના મણકા બીજી બાજુ ફર્યા કરે છે, તેથી બાપ પાસેથી જે વારસો પ્રાપ્ત કરવાનો હોય છે તેનાથી વંચિત રહી જાય છે. પરમાત્માએ પોતે મનુષ્ય-આત્માઓના કલ્યાણ માટે જ સ્વ-પરિચય આપ્યો છે અને અનુભવ કરાવ્યો છે.

પરમપિતા પરમાત્માનું નામ ''શિવ'' છે. ''શિવ''નો અર્થ છે ''કલ્યાણકારી.'' કોઇપણ ધર્મનો આત્મા મંદિર, મસ્જિદ, અગિયારી વગેરેમાં જાય છે તો પોતાના કલ્યાણ અર્થે જ. તેથી સિદ્ધ થાય છે કે ભગવાન કલ્યાણકારી જ હોઇ શકે. આ પિતાનો મહિમા કિરણોથી અંકિત કરવામાં આવ્યો છે. તેમને જ જ્ઞાનના સાગર, આનંદના સાગર, સૃષ્ટિના સર્જનહાર, પ્રેમના સાગર, પવિત્રતાના સાગર, પતિતપાવન, દિવ્ય દૃષ્ટિ વિધાતા, સર્વના ગતિ-સદ્ગતિ-દાતા વગેરે મહિમાયુક્ત શબ્દોથી સંબોધવામાં આવે છે. તેઓ સ્વયંભૂ અને જન્મ-મરણથી ન્યારા છે. તેઓ જ સદા મુક્ત સદા એકરસ અને જાગતી જ્યોત ''સદા-શિવ'' છે.

પરમપિતા પરમાત્મા શિવનું રૂપ જ્યોતિબિંદુ છે. તેમની યાદગાર આપણા મંદિરોમાં 'શિવલિંગ' રૂપે છે. તથા તેમના દિવ્ય જન્મની યાદગાર માટે આપણે ''મહાશિવરાત્રિ''નો તહેવાર પણ ઉજવીએ છીએ. જ્યારે 'નિરાકાર' શબ્દ આવે છે ત્યારે મનુષ્ય કહે છે કે પરમાત્મા નામ-રૂપથી ન્યારા છે, જ્યારે પરમાત્માને પિતા કહેવામાં આવે છે ત્યારે પિતાનું તો રૂપ હોવું જ જોઇએ. જ્યારે ભક્તો ભગવાનના દર્શનની (સાક્ષાત્કારની) આશા રાખે છે તે પણ સાબિત કરી આપે છે કે પરમાત્માને કોઇ રૂપ તો હોવું જ જોઇએ. સામાન્ય રીતે વિચારવા જેવી વાત છે કે રૂપ વગરની કોઇ પણ વસ્તુ હોઇ શકે નહિ. ગુણને રૂપ હોતું નથી પરંતુ ગુણી (ગુણવાન) ક્યારેય પણ રૂપ વગરના ન હોઇ શકે. આમ પરમાત્માને નામરૂપથી ન્યારા સમજવાથી ભક્તિ, જ્ઞાન અને યોગનું ખંડન થાય છે કારણ કે નામ-રૂપવિનાની ચીજને યાદ પણ કરી ન શકાય. સંબંધ પણ ન જોડી શકાય. એટલે ખુદ પરમપિતા પરમાત્માએ પોતાનો પરિચય આપ્યો છે. તેમનું નામ 'શિવ' છે અને દિવ્ય જ્યોતિર્મય રૂપ છે. તેમનો અનુભવ દિવ્યદૃષ્ટિથી થઇ શકે છે.


નિરાકાર શબ્દનો અર્થ સમજાવતાં પરમાત્મા કહે છે કે મારો આકાર સાકાર મનુષ્ય જેવો નથી. કે નથી સૂક્ષ્મ દેહધારી (આકારી) દેવતા જેવો, પણ મારો આકાર જ્યોતિ-બિંદુ અર્થાત્ નિરાકાર છે. બિંદુ એટલે કણ. તો જે જ્યોતિકણ હોય તેનું કયા આકારથી વર્ણન થઇ શકે? એટલે તો પરમાત્માને નિરાકાર કહેવામાં આવે છે. પરંતુ જ્યોતિકણ હોવાને કારણે મનુષ્ય માની બેઠો છે કે ભગવાન કણમાં વ્યાપક છે. પરંતુ ભગવાનનું નિવાસસ્થાન તો પરમધામ છે.


निराकार परमात्मा और उनके दिव्य गुण
शिव
परमपिता परमात्मा
गीता-ज्ञान-दाता
कर्मों की गति को जानने वाले हैं
ब्रह्मा द्वारा सतयुगी सृष्टि की स्थापना कराते हैं
ब्रह्मलोक के वासी हैं
शंकर द्वारा कलियुगी सृष्टि का विनाश कराते हैं
गुणों के भण्डार हैं
दिव्य-दृष्टि विधाता हैं
बिन्दु रूप-ज्योति स्वरूप हैं
काल के पंजे से छुड़ाने वाले हैं
सृष्टि के आदि-मध्य-अन्त के ज्ञाता हैं
आनन्द के सागर हैं
सुख-दुःख से न्यारे हैं
शान्ति के दाता हैं
दिव्य बुद्धि के दाता हैं
पतित-पावन हैं
सद्गति दाता हैं
सब के सुख के दाता हैं
नर से श्री नारायण बनाने वाले हैं
पत्थर बुद्धि वालों को पारस बनाते हैं
ज्ञान के सागर हैं
सत्-चित-आनन्द स्वरूप हैं
निराकार हैं
विष्णु द्वारा दैवी सृष्टि का पालन कराते हैं
शान्ति के सागर हैं
ब्रह्मा, विष्णु, शंकर के भी रचयिता त्रिमूर्ति हैं
जीवन नैया को पार ले जाने वाले हैं
परमपिता, परमशिक्षक व सद्गुरु हैं
जन्म-मरण से न्यारे हैं
प्रेम के सागर हैं
अकालमूर्त हैं
मुक्ति व जीवनमुक्ति के दाता हैं
दुःख-हर्ता-सुख-कर्ता हैं
मनुष्य-सृष्टि रूपी वृक्ष के बीज-रूप हैं
INCORPOREAL GOD & HIS ATTRIBUTES

પરમાત્મા એક છે અને નિરાકાર છે

# सर्व आत्माओं के पिता

## SUPREME FATHER OF ALL SOULS




प्रायः सभी धर्मों के लोग परमात्मा को निराकार अर्थात् अशरीरी मानते हैं। शिवलिङ्ग ज्योति-बिन्दु परमात्मा की ही यादगार भारत के कोने कोने में तथा भिन्न भिन्न देशों में पाई जाती है। परमात्मा शिव ही हम सर्वात्माओं के परमपिता, परमशिक्षक एवं परमसद्गुरु हैं। अतः निराकार ज्योति-बिन्दु स्वरूप परमात्मा शिव को याद करने से ही हम पापों से मुक्त हो सकते हैं।

# ૪. પરમાત્મા એક છે અને નિરાકાર છે

સર્વ ધર્મના આત્માઓ કહે છે કે ભગવાન એક છે. ચાહે તેને રામ કહો, રહીમ કહો કે ખુદા કહો પણ તે સર્વ આત્માઓના પારલૌકિક પિતા છે. તે કારણે તો મનુષ્ય પરસ્પર ભાઇ-ભાઇ છે. પરંતુ વાસ્તવમાં તે પરમપિતા કોણ છે તે જાણવું અતિ જરૂરી છે. જેમ વ્યવહારમાં એક પિતાના સર્વ સંતાનોને પૂછવામાં આવે કે આપના પિતાજીનું નામ શું છે, તો દરેકના મુખમાંથી એક જ શબ્દ નીકળશે. તેમ પરમપિતા પરમાત્મા પણ સૃષ્ટિના સર્જનહાર છે, સર્વના પિતા છે. ભલે અલગ અલગ ધર્મના ધર્મસ્થાપકો અલગ અલગ છે, પરંતુ સર્વના સદ્ગતિદાતા તો એક જ છે. આજે સર્વ ધર્મના આત્માઓ એક અથવા બીજી રીતે એક નિરાકાર જ્યોતિસ્વરૂપ પરમાત્મા શિવની પ્રતિમા (શિવલિંગ)ને માને છે.

ભારતમાં અનેક શિવાલયો છે. ભક્તો 'ઓમ નમો શિવાય' અથવા 'તમે માતપિતા....છો' એવા શબ્દોથી તેમને યાદ કરે છે અને પૂજે છે. તદુપરાંત શ્રીકૃષ્ણ અને શ્રીરામના પણ દેવમહાદેવ તરીકે શિવને માને છે. કેવળ ભારતમાં જ નહિ. પરંતુ અન્ય દેશોમાં ભિન્ન-ભિન્ન ધર્મો પણ એક નિરાકારની માન્યતા ધરાવે છે, અમરનાથમાં શંકરની યાદગાર માટે જે મંદિર છે તેમાં પણ શિવલિંગની સ્થાપના કરવામાં આવી છે.

મક્કા-મદીના મુસ્લિમ ભાઇઓનું મુખ્ય ધર્મસ્થળ અથવા તીર્થસ્થળ છે. ત્યાં પણ એક નિરાકારની પ્રતિમા છે, તેને જ હજ કરવા જનાર વ્યક્તિ પ્યારથી ચુંબન કરે છે. મુસલમાનોમાં 'સંગ-એ-અસ્વદ' અથવા કાબાનું લિંગ અથવા મક્કેશ્વર જ યાદગાર છે. આ પથ્થરની સ્થાપના ઈબ્રાહીમ અથવા મહંમદ પયગંબરે કરી હોય તેવી માન્યતા પણ છે. ખાસ કરીને મુસલમાન ધર્મમાં મૂર્તિપૂજા છે જ નહિ. તો પછી પ્રતિમા બનાવી કેમ તે પણ એક આશ્ચર્યની વાત છે. ઇટાલીમાં ઘણાં રોમન કેથોલિક ખ્રિસ્તીઓ પણ આવા આકારવાળી મૂર્તિને પૂજે છે. ખ્રિસ્તી લોકો તે પરમાત્માને જેહોવા (**Jehova**) નામથી પોકારે છે અને તેને જ જ્યોતિ માને છે, જ્યારે શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનકે પણ ઉપદેશ આપ્યો છે કે એક ઓમકાર, નિરાકાર એક અકાલમૂર્ત, એક અકર્તા અભોકતા બાપને યાદ કરો. જાપાનમાં પણ લોકો આવી નિરાકાર પ્રતિમાનું ધ્યાન કરી આનંદ અનુભવે છે. આમ દુનિયાના દરેક મુખ્ય ધર્મમાં નિરાકાર પરમાત્માની યાદગાર છે.

શાસ્ત્રોમાં શ્લોક મળી આવે છે-જેમકે, બ્રહ્માદેવતાય નમઃ, વિષ્ણુદેવતાય નમઃ શંકર દેવતાય નમઃ પરંતુ શિવ માટે હંમેશા 'શિવ પરમાત્માય નમઃ' કહેવામાં આવે છે. એ પરથી સિદ્ધ થાય છે કે સર્વના કલ્યાણકારી ગતિ-સદ્ગતિદાતા એક જ નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ છે. જ્યારે અન્ય દેહધારી દેવતાઓ છે. આમ મનુષ્યો સમય જતાં એક પિતાને ભૂલી અનાથ બની ગયા છે અને તેથી ભિખારી-કંગાળ અવસ્થામાં નધણિયાતા થઇ અંદરોઅંદર લડ્યા જ કરે છે. આ પરમાત્મા પોતાનો પરિચય આપતા,. આત્માઓને કહે છે કે વત્સો, દેહ અને દેહના સર્વ સંબંધોને ભૂલી મને વિદેહીને નિરંતર યાદ કરશો તો હું તમારો જન્મ-જન્માંતરનો પાપોનો બોજો ઉતારીશ.

* મનસા મહાદાનીને સંકલ્પોની ઉપર વિજયી બનાવવાની શક્તિ પ્રાપ્ત થાય છે.
* મનસા મહાદાની સંકલ્પોની સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.
* તીવ્ર પુરુષાર્થીના સંકલ્પ, વાણી, કર્મ નિશ્ચયવાળાં હશે.
* મનસા મહાદાની સંકલ્પને વશ થતો નથી, સંકલ્પ તેને વશ થાય છે.

# ૫. સર્વશકિતવાન પરમાત્માની અદ્‌ભુત શક્તિ

**પ**રમપ્રિય, પરમપિતા પરમાત્મા શિવને લોકો ત્રિમૂર્તિ, ત્રિકાળદર્શી, ત્રિનેત્રી, ત્રિભુવનેશ્વર, ત્રિલોકીનાથ વગેરે નામોથી બિરદાવે છે. જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને શંકરની ત્રિમૂર્તિ જુએ છે ત્યારે મૂંઝાય છે કે આ ત્રણેયમાં પૂજ્ય કોણ? અથવા ત્રણેયનો સંબંધ શું છે? જેમ લૌકિક જીવનમાં પણ પિતા પોતાની રચનાનો પૂર્ણ પરિચય આપે છે. તેમ આ ત્રણેયને રચનાર પરમપિતા પરમાત્મા પૂર્ણ પરિચય આપે છે તે અહીં સાક્ષાત્કાર અથવા તો દિવ્યદષ્ટિના અનુભવના આધારે સ્પષ્ટ કરવામાં આવે છે.


ઉપર જે નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ છે તેઓ વાસ્તવમાં ત્રણ દેવતાઓની રચના કરે છે. બ્રહ્મા, વિષ્ણુ અને શંકર. તેથી તેમને ત્રિમૂર્તિ કહેવામાં આવે છે. પરમાત્મા ધર્મગ્લાનિના સમયે જે સાધારણ મનુષ્યતનમાં અવતરિત થાય છે તે વ્યક્તિને 'પ્રજાપિતા બ્રહ્મા' કહેવામાં આવે છે. આ બ્રહ્મા દ્વારા પરમાત્મા સહજ જ્ઞાન અને રાજયોગના શિક્ષણથી બ્રાહ્મણો તૈયાર કરી બ્રાહ્મણોમાંથી દેવતા બનાવી નવી દુનિયાની રચવાનાનું કાર્ય કરે છે.

જ્યારે શંકર જે શબ્દનો અર્થ જ વિનાશકારી થાય છે તે મહાદેવ દ્વારા જૂની પુરાણી, પાપાચારી, ભ્રષ્ટાચારી, આસુરી, કળિયુગી દુનિયાનો મહાવિનાશ કરાવે છે જેનો ઉલ્લેખ મહાભારતની લડાઈમાં મૂસળ અથવા બ્રહ્માસ્ત્રનાં ઉપયોગથી મળે છે. તો પરમાત્મા આજની દુનિયાને કળિયુગના અંતની દુનિયા કહે છે. અમેરિકા અને રશિયા જેવા દેશોએ જે હાઈડ્રોજન બોંબ, મીસાઈલ્સ બનાવ્યાં તે વાસ્તવમાં મૂસળો છે, અને બ્રહ્મા દ્વારા મળેલ જ્ઞાન અને સહજ રાજયોગનું શિક્ષણ બ્રહ્માસ્ત્રની સાબિતી આપે છે. જ્યારે પરમાત્માથી વિપરિત બુદ્ધિ મનુષ્યોને કૌરવો કહેવામાં આવે છે. આમ અમેરિકા અને રશિયારૂપી યાદવો, ભારતના દેહ અભિમાની ભ્રષ્ટાચારી કૌરવો અને પ્રભુ પ્રેમી પ્રભુ સાથે પ્રીતબુદ્ધિ રાખનાર પાંડવોની કર્મ ક્ષેત્ર પર લડાઈ થઈ રહી છે. આમ નજીકના ભવિષ્યમાં જ મહાવિનાશ થનાર છે જે શંકરનું કર્તવ્ય છે.


ત્યારબાદ નવી સતયુગી દુનિયા આવે છે. તેમાં જે બ્રહ્મા છે તે જ વિષ્ણુ બને છે અને નવી દુનિયાની પાલનાનું કર્તવ્ય કરે છે. વિષ્ણુના હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ બતાવવામાં આવે છે, તેનો પણ ગુહ્ય અર્થ પરમાત્મા સમજાવે છે. શંખ જેમ ધ્વનિનું સૂચન કરે છે તેમ મુખ રૂપી શંખ પરમાત્માએ આપેલ જ્ઞાનને દરેક આત્મા સુધી પહોંચાડવાના કર્તવ્યનો નિર્દેશ કરે છે. સ્વદર્શનચક્ર એટલે કે કોઈ સંહારની વાત નથી. સંહાર કરનાર દેવતા ન કહેવાય. પરંતુ સ્વ એટલે પોતે અને પોતાનું દર્શન એટલે આત્મા અભિમાની બનવાની વાત છે. ગદા હિંસાની નિશાની છે પરંતુ તેનાથી કોઈ સ્થૂળ હિંસા સમજવાની નથી. પરંતુ એ જ્ઞાનગદાથી વિકારોરૂપી અસુરોનો વિનાશ કરવાનો છે. જેમ સ્વદર્શનચક્ર દ્વારા દેહ અભિમાનનો નાશ કરવાનો છે, તેમ કમળ પવિત્ર જીવન બનાવવાની સૂચના કરે છે. જેમ કાદવની અંદર ખીલતું કમળ કાદવથી અલિપ્ત અને ન્યારું રહે છે, તેમ વિષય-વિકારવાળા સંસારમાં રહેવા છતાં અલિપ્ત અને ન્યારા રહેવાની વાત છે. આમ સંપૂર્ણ દેવતા બની શકાય છે.

પરમાત્માને અંગ્રેજીમાં ગોડ (**GOD**) પણ કહેવામાં આવે છે, તે પણ અર્થ પૂર્ણ બાબત છે. સ્થાપના (**G-generation**) પાલના (**O-operation**) અને વિનાશ (**D-destruction**), આમ ઉપરોક્ત ત્રણ દેવતાઓ દ્વારા પરમપિતા પરમાત્મા શિવ આ દિવ્ય કર્તવ્ય કરતા હોવાથી તેમને ત્રિમૂર્તિ કહેવામાં આવે છે.

# સર્વશક્તિવાન પરમાત્માની અદ્‌ભુત શક્તિ



# શિવ પરમાત્માનું દિવ્ય અવતરણ



# ૬. શિવ પરમાત્માનું દિવ્ય અવતરણ

દુનિયા પર એવો કોઇ મનુષ્ય નહિ હોય કે જેના મુખમાંથી જાણ્યે અજાણ્યે ભગવાન શબ્દ નહીં નીકળતો હોય, ખાસ કરીને દુ:ખના સમયે મનુષ્ય પ્રભુને પ્રાર્થના કરતાં કહે છે હે પતિત-પાવન આવો અમારું દુ:ખ હરો અર્થાત્ અમારા પર દયા કરો. (**O God mercy on me!**) આ વાકયો પરથી સિદ્ધ થાય છે કે પરમપિતા આ સૃષ્ટિ પર ચોક્કસ ક્યારેય પણ આવ્યા હશે અને મનુષ્યમાત્ર પર દયા પણ કરી હશે અને પતિતોને પાવન પણ બનાવ્યા હશે. એટલે તો લૌકિક સંબંધીઓ હોવા છતાં પણ દુ:ખના સમયે પારલૌકિક પિતાને યાદ કરવામાં આવે છે, અને તેથી તો અજન્મા, અકર્તા, અભોકતા એટલે કે સ્વયં નિરાકાર પરમપિતા પરમાત્મા શિવના લિંગનું પ્રતીક મંદિરોમાં જોવામાં આવે છે. શિવરાત્રિ તેમના દિવ્ય જન્મનો સૂચક તહેવાર છે. સામાન્ય રીતે શિવ-પિતાને રાત્રિ સાથે શો સંબંધ છે? અથવા પરમાત્માનું અવતરણ રાત્રિમાં કેમ?

અત્યારે પરમાત્મા શિવ સમજાવતાં કહે છે કે રાત્રિ એ અંધકારની નિશાની છે. વાસ્તવમાં અજ્ઞાન, પાપાચાર, ભ્રષ્ટાચારને જન્મ આપનારાં કામ, ક્રોધ, લોભ, મોહ અને દેહઅભિમાન છે- તેના કારણે આખી દુનિયા ત્રાહિ પોકારે છે. અજ્ઞાનનિદ્રામાં ગોથાં ખાય છે, ધર્મની અતિ ગ્લાનિ થાય છે અને ભારત જ્યારે વિષય-વિકારોમાં ફસાઇ જઇ વેશ્યાલય બને છે ત્યારે સર્વના સદ્ગતિદાતા, પતિતપાવન, પરમપિતા શિવ આ સૃષ્ટિ પર દિવ્ય જન્મ લે છે.

પરમાત્માનો જન્મ ગર્ભથી થતો નથી, કારણ કે તેઓ સર્વ આત્માઓના માતપિતા છે. એટલે તો આપણે એનું ગાયન કરીએ છીએ કે - **तुम माता–पिता हम बालकतेरे, तुम्हारी कृपा से सुख धने रे..।** તેઓ સ્વયંભૂ છે એટલે તો અતિ સાધારણ વૃદ્ધ તનમાં પ્રવેશ કરી ભૂલાયેલું ગીતાજ્ઞાન ફરી તે મનુષ્યના મુખ દ્વારા સંભળાવી બ્રાહ્મણોની રચના કરે છે અને તે વૃદ્ધ તનને પ્રજાપિતા બ્રહ્મા નામ આપે છે. તો શાસ્ત્રમાં ગાયન છે કે બ્રહ્મા દ્વારા પરમપિતા પરમાત્મા નવી દુનિયાની સ્થાપના કરે છે. આમ મનુષ્ય તે જ્ઞાન સાંભળી તેને જીવનમાં ધારણ કરવાથી શ્રેષ્ઠાચારી બને છે. જે લોકો આ જ્ઞાન ધરાવે છે તેઓ બ્રહ્માના બાળક એટલે બ્રાહ્મણ અથવા બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીઓ તરીકે ઓળખાય છે.

નવાઇની વાત તો એ છે કે જે પરમપિતાની ભક્તો ભક્તિ કરે છે, તેમનું આવાહન કરે છે, તે પિતા વર્તમાન સમયે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા નવરચનાનું કાર્ય કરી રહ્યા છે. શૂદ્રમાંથી બ્રાહ્મણ અને બાહ્મણમાંથી શ્રેષ્ઠાચારી દેવતા બનાવી રહ્યા છે ત્યારે અનાથ દુનિયા ભટકયા કરે છે. માટે પરમાત્માનો ગુહ્ય અને રમણિક પરિચય તથા શિવરાત્રિનો ભેદ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય-વિશ્વ વિદ્યાલયમાંથી મેળવી, પરમાત્માનો અનુભવ કરી મનુષ્ય કોડીતુલ્ય જીવનને હીરા સમાન જીવન બનાવી શકે છે. એટલે કે નજીકના ભવિષ્યમાં જ શ્રેષ્ઠાચારી દુનિયા આવી રહી છે. અજ્ઞાન-અંધકાર અથવા કળિયુગી રાત્રિ પૂર્ણ થઇ રહી છે અને જ્ઞાનસૂર્ય પરમપિતા પરમાત્મા આવી સતયુગનો દિવસ પ્રગટાવી રહ્યા છે. તો યોગ્ય પુરુષાર્થ કરી દેવી-દેવતા પદની પ્રાપ્તિ કરી લેવી જોઇએ.

પરમપિતા પરમાત્મા શિવ મનુષ્ય-સૃષ્ટિના બીજરૂપ છે એટલું જ નહિ પરંતુ સર્વના સદ્ગતિદાતા પણ છે. વર્તમાન સમય જ શિવરાત્રિનો છે એટલે પવિત્રતારૂપી વ્રત ધારણ કરી જ્ઞાન અને સહજ રાજયોગ દ્વારા આત્માને જાગૃત કરી ભોળાનાથ પાસેથી મુક્તિ જીવનમુક્તિ પ્રાપ્ત કરો. અત્યારે નહિ તો ક્યારેય નહિ.

# ૭. એક મહાન ભૂલ

**આ** જે નિરાકાર પરમાત્માને મનુષ્ય-સૃષ્ટિ પર ત્રણ નામ આપવામાં આવે છે-શિવ, શંકર અને મહાદેવ. વાસ્તવમાં આ ત્રણેય ગુણવાચક નામ છે અને ત્રણેનો અર્થ ભિન્ન-ભિન્ન છે. શિવ શબ્દનો અર્થ કલ્યાણકારી, શંકર શબ્દનો અર્થ વિનાશકારી અને મહાદેવ શબ્દનો અર્થ છે- જેમાં દૈવી ગુણો છે તે દેવતા એ રીતે દેવતાને તો ભગવાન કહેવાય નહિ. તો પછી આપણી સમક્ષ શિવ અને શંકર એમ બે શબ્દો જ રહે છે, પરંતુ આ બંનેમાં પણ ઘણો ફેર છે.

પરમાત્માને હંમેશા કલ્યાણકારી કહેવામાં આવે છે. માટે દરેક ધર્મના આત્માઓ મંદિર, મસ્જિદ, અગિયારી કે ચર્ચમાં જાય છે તે પોતાના કલ્યાણ માટે નહિ કે વિનાશ માટે. તેથી તેનું નામ જ કલ્યાણ સૂચવે છે તે જ ભગવાન હોઇ શકે. પરમાત્માને પિતા કહેવામાં આવે છે તો પિતા ક્યારેય પણ પોતાના બાળકોનો સંહાર કરે ખરા? અત્યારે પરમપિતા પરમાત્મા સ્વયં અવતરીને જે પરિચય આપી અનુભવ કરાવે છે, તે પરથી કહેવામાં આવે છે કે જો શિવ અને શંકર એક જ છે, તો 'શિવરાત્રિ'ને મનુષ્ય કદી પણ ભૂલથી 'શંકર-રાત્રિ' કહેતો નથી, એ પરથી સમજાય છે કે બંને હસ્તી અલગ છે.

શિવ જ્યોતિ-બિંદુ છે અને તેમનું પોતાનું કોઇ સ્થૂળ અથવા સૂક્ષ્મ શરીર નથી. સ્થૂળ અને સૂક્ષ્મ શરીરધારીને તો પરમાત્મા કહેવાય જ નહિ. શિવની મહિમા માટે-'ઓમ નમો શિવાય', 'શિવ પરમાત્માય નમઃ' એવું ઉચ્ચારણ થાય છે, પરંતુ શંકર માટે 'ઓમ્ નમો શંકરાય' એવું કહેવાતું નથી. શિવપુરાણ છે, પરંતુ શંકરપુરાણ નથી. બ્રહ્મા અને વિષ્ણુની માફક શંકરને સૂક્ષ્મ શરીર છે. તેમને મહાદેવ કહેવામાં આવે છે, નહિ કે પરમાત્મા, શંકરને આકારી દેવતા કહેવામાં આવે છે; જ્યારે શિવને નિરાકાર પરમાત્મા કહેવામાં આવે છે; અને તેથી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનો મહિમા દેવતા તરીકેનો છે.

પરમપિતા માટે પરબ્રહ્મ-પરમેશ્વર કહેવામાં આવે છે. પરમાત્મા શિવ, સૂક્ષ્મ વતનવાસી બ્રહ્મા, વિષ્ણુ અને શંકરથી પર બ્રહ્મલોકમાં નિવાસ કરે છે, જ્યારે શંકર તો બ્રહ્મા અને વિષ્ણુ માફક સૂક્ષ્મલોકમાં નિવાસ કરે છે. પરમપિતા પરમાત્મા શિવ, બ્રહ્મા, વિષ્ણુ અને શંકરના પણ રચયિતા હોવાના કારણે ત્રિમૂર્તિ શિવ તરીકે ઓળખાય છે. તેમની યાદગારમાં શિવલિંગ પર ત્રણ આડી લીટી બતાવવામાં આવે છે. તેમને ત્રણ ત્રણ પાંદડાવાળાં બીલીપત્ર ચઢાવવામાં આવે છે. અને શિવભક્તો તેમના મસ્તકમાં ત્રિપુંડનું તિલક કરે છે. શંકર, પરમાત્મા શિવની રચના છે માટે શિવપિતા છે અને શંકર તેમનું સંતાન છે.

નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ બ્રહ્મા દ્વારા નવી દુનિયાની સ્થાપનાનું કર્તવ્ય, શંકર દ્વારા જૂની દુનિયાના વિનાશનું કર્તવ્ય અને વિષ્ણુ દ્વારા નવી દુનિયાની પાલનાનું કર્તવ્ય કરાવે છે. તેથી તેમને પતિત-પાવન પણ કહેવામાં આવે છે, જ્યારે શંકર ફક્ત મહાવિનાશનું કાર્ય કરે છે. તદુપરાંત શંકર હંમેશા તપસ્વીમૂર્ત બતાવવામાં આવે છે-એ સિદ્ધ કરે છે કે તેમનાથી પણ ઊંચી સત્તા છે, અને તે સર્વોપરી સત્તા પરમાત્મા ત્રિમૂર્તિ શિવ છે.

શ્રીમદ્ભગવદ્ગીતામાં તો પરમાત્માનો નિરાકારી તરીકે ઉલ્લેપ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત ખ્રિસ્તીઓના નિરાકાર જેહોવા, મુસ્લિમોના સંગે-અસ્વદ, શીખોના નિરાકાર ઓમકાર વગેરે પણ પરમાત્મા શિવની યાદ તાજી કરાવે છે. તે એકને યાદ કરવા માટે પરમાત્માનું મહાકાવ્ય છે-**મન્મના ભવ.**

# એક મહાન ભૂલ





सूक्ष्मलोक निवासी, विनाशकारी, आकारी देवता
(रचना)

परमधाम निवासी, कल्याणकारी, निराकार परमात्मा
(रचयिता)



# સૌથી મોટી મૂંઝવણનો ઉકેલ

## परमात्मा सर्वज्ञ और सर्वशक्तिवान है परन्तु सर्वव्यापी नहीं
## GOD IS NOT OMNIPRESENT



# ૮. સૌથી મોટી મૂંઝવણનો ઉકેલ

એક તરફ પરમાત્માને માત-પિતા અને પતિત-પાવન કહેવામાં આવે છે, જ્યારે બીજી બાજુ કણ-કણમાં ભગવાનને સર્વવ્યાપી ગણવામાં આવેછે. પથ્થરમાં, કૂતરામાં, વરાહ અવતારમાં, કચ્છ-મત્સ્યના અવતારમાં વગેરે કહીને પરમાત્માની હદ વગરની ગ્લાનિ કરવામાં આવી છે. વાસ્તવમાં પરમપિતા પરમાત્માનું નામ શિવ છે. તે પરમધામના નિવાસી છે. તેમનું રૂપ જ્યોતિબિંદુ છે અને સર્વના ગતિસદ્ગતિદાતા છે. ભક્તિમાર્ગમાં શિવલિંગને તેમની પ્રતિમા માનવામાં આવે છે. તેમના દિવ્ય જન્મની યાદગારમાં 'શિવરાત્રી' પણ ઉજવવામાં આવે છે. ખુદ દુનિયા જેને ભગવાન માને છે, તેવા દેવતા શ્રીકૃષ્ણ, વૃંદાવનમાં ગોપેશ્વર તરીકે નિરાકારની પૂજા કરે છે. લોકો હંમેશા કહે છે. ''પરબ્રહ્મ પરમેશ્વર છે''- જે સૃષ્ટિથી ઉપર છે. તેથી તો આપણે કહીએ છીએ ઉપરવાળો જાણે.

અરે! પરમાત્માને સર્વવ્યાપી કહી આપણે વિચારવા જેવા પ્રશ્નો ઊભા કરીએ છીએ. અરે! જાનવરમાં પરમાત્માને વ્યાપક સમજી આપણે જાનવરની પૂજા કરીએ છીએ! કૂતરો ઘરને આંગણે આવતાં આપણે કદી કહીએ છીએ કે 'પ્રભુ પધારો!' પરમાત્મા શું ભિખારીમાં વ્યાપક થઇ ભીખ માંગવાનું કાર્ય કરે છે? ગધેડામાં રહી ભગવાન ભાર ખેંચવાનું કાર્ય કરે છે? અરે! ખૂનખાર યુદ્ધમાં એકબીજાના લોહી રેડાય છે તો શું ભગવાન ખૂનીનો ભાગ ભજવે છે? જો બીમાર માણસના શરીરમાં પણ ભગવાન હોય તો તે ઉંચા હાથ અને નજર કરી શા માટે પોકારે છે કે હે પ્રભુ! મારું દુ:ખ હરો. આમ સર્વમાં વ્યાપેલા ભગવાનની સંખ્યા કેટલી? બીજી બાજુ સર્વશક્તિમાન હોવાને કારણે ભગવાનને એક કહેવામાં આવે છે. સર્પમાં રહી પોતાના સંતાનને ડસવાનું અશુભ ક્રૂર કર્તવ્ય ભગવાન કરે ખરા? આવા હલકાં કાર્ય કરનારનો મહિમા શા માટે કરવામાં આવે છે? આપણે મહિમા કરતાં ગાઈએ છીએ કે 'હે પરમાત્મા! આપ તો શાંતિના સાગર, સુખના સાગર, પ્રેમના સાગર, દયાના સાગર, પવિત્રતાના સાગર, દુ:ખને હરનાર અને સુખને આપનાર છો. તેથી જો ભગવાન સર્વવ્યાપી હોય તો દુનિયામાં સુખદુ:ખ, ઊંચનીચ, હર્ષ-શોક વગેરેનો ભેદ જ ન હોય.'

વળી બીજી બાજુ કહેવામાં આવે છે કે ભગવાન નામરૂપથી ન્યારા છે. તો નામરૂપથી ન્યારી ચીજ કેવી રીતે વ્યાપક હોય? આમ માણસ ઘણી જ વિરોધાભાસી વાતો કરી પોતાની જાતને મૂંઝવણમાં મૂકે છે. કારણ કે પરમાત્માનું કોઈ રૂપ નથી. તો વિચારવા જેવું છે કે યોગી કોની સાથે યોગ લગાવે? ભક્ત કોના દર્શનની આશા રાખે છે! (દુનિયાની બધી જ ભૌતિક ચીજ નજર સમક્ષ છે જ.) દુનિયા શા માટે પોકારે છે કે હે પતિતપાવન આવો! શિવલિંગ કોની યાદગાર છે? ગીતામાં દિવ્ય અવતરણનો ઉલ્લેખ શા માટે કરવામાં આવ્યો છે! આંગળીનો ઈશારો કરી શા માટે કહીએ છીએ કે ઉપરવાળો જાણે. મનુષ્યની અંદર જ જો પરમાત્મા છે-એટલે આત્મા સો પરમાત્મા હોય તો શા માટે એવું કહેવામાં આવે છે કે મનુષ્ય ધારે છે કાંઈ ઈશ્વર કરે છે કાંઈ? (**Man Proposes and God disposes**)

એટલે વર્તમાન સમયને ધર્મગ્લાનિનો સમય કહો અથવા પુરુષોત્તમ સંગમયુગ કહો- પરમાત્મા સૃષ્ટિ પર દિવ્ય જન્મ લઇ પોતાનો જ પરિચય આપતાં કહે છે કે હું એક જ પરમાત્મા શિવ છું, મારું નિવાસસ્થાન પરમધામ છે. મારું દિવ્ય કર્તવ્ય પતિતોને પાવન બનાવવાનું છે. હું દર પાંચ હજાર વર્ષે કલ્પના અંતે સૃષ્ટિ પર આવી મારું અને સૃષ્ટિના પરિચયનું જ્ઞાન આપી સહજ રાજયોગ શીખવું છું.

# ૯. સર્વ મનોકામના પરિપૂર્ણ કરનાર કલ્પવૃક્ષ

**આ** સૃષ્ટિરૂપી વૃક્ષના અવિનાશી, ચેતન બીજરૂપ પરમપિતા પરમાત્મા શિવ છે. તે ઉપર પરમધામમાં નિવાસ કરે છે. આ મનુષ્ય સૃષ્ટિરૂપી વૃક્ષને કલ્પવૃક્ષ, વંશવૃક્ષ (**Geneological tree**) અથવા કલ્પદ્રુમ પણ કહેવામાં આવે છે.

આ ચિત્રમાં વૃક્ષની નીચે કળિયુગનો અંત અને સતયુગની શરૂઆતનો સંધિકાળ અથવા સંગમ બતાવવામાં આવ્યો છે. ત્યાં સફેદ વસ્ત્રધારી બ્રહ્મા, સરસ્વતી અને બ્રાહ્મણો બતાવવામાં આવ્યાં છે. તેઓ સહજ રાજયોગની સ્થિતિમાં બેઠાં છે. આ સમયે પતિત પાવન, જનકલ્યાણકારી પરમપિતા પરમાત્મા શિવ, પ્રજાપિતા બ્રહ્માના શરીરમાં પ્રવેશ કરી મનુષ્ય-આત્માઓને ગીતાજ્ઞાન અને સહજ-રાજયોગનું શિક્ષણ આપે છે. આ શિક્ષણ પ્રાપ્ત કરનાર શિવશક્તિ બ્રાહ્મણ અને બ્રાહ્મણીઓ- તરીકે જાણીતાં છે. આ સમયને સંગમયુગ, ધર્મોયુગ (**Leap Year**) પુરુષોત્તમયુગ અથવા ગીતાયુગ (**Gita episode**) પણ કહેવામાં આવે છે, આમ પરમાત્મા શિવ અજ્ઞાનતાના સમયે આવી જ્ઞાન-અમૃત આપે છે, જેને કારણે તો આ શુભ અવસરની યાદમાં ભારતવાસીઓ પાણીની નદીઓનાં સંગમ પર કુંભનો મેળો ભરે છે. વહેલી સવાર-અમૃતવેળાને મહત્ત્વ આપવામાં આવે છે અને પુરુષોત્તમ માસ પણ ઉજવે છે.

આ સમયના મુખવંશી બ્રાહ્મણો સતયુગના દેવી-દેવતાઓ બને છે. બ્રહ્મા જ શ્રીકૃષ્ણ બને છે અને સરસ્વતી શ્રીરાધે બને છે. આમ બંનેના સ્વયંવર પછી તેમના નામ બદલાતાં શ્રીલક્ષ્મી અને શ્રીનારાયણ બને છે. આ દેવી-દેવતાઓ સર્વગુણસંપન્ન, સોળકળા સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ હોય છે. સતયુગમાં ઘી દૂધની નદીઓ વહે છે. સદા સુખ, શાંતિ અને પવિત્રતા હોય છે. તેથી આ દુનિયાને સ્વર્ગ અથવા વૈકુંઠ પણ કહેવામાં આવે છે. દેવી-દેવતાઓને સૂર્યવંશી કહેવામાં આવે છે. અહીં આઠ પેઢીનું ૧૨૫૦ વર્ષ રાજ્ય ચાલે છે. દેવતાઓનું આયુષ્ય આશરે ૧૫૦ વર્ષ જેટલું હોય છે.

સતયુગના ૧૨૫૦ વર્ષના નિર્વિઘ્ન રાજ્ય બાદ શ્રી સીતા અને શ્રી રામનું રાજ્ય શરૂ થાય છે. શ્રીસીતા શ્રીરામ ચંદ્રવંશી ૧૪ કળા ગુણવાન અને સંપૂર્ણ નિર્વિકારી હતાં. જે નરનારી પુરુષોત્તમ સંગમયુગે પૂર્ણ પુરુષાર્થ કરી ન શક્યા હોવાને કારણે સૃષ્ટિનો અંત આવતા કાળક્રમે તે આ રાજ્યમાં રાજ્યભાગ પ્રાપ્ત કરે છે. અહીં તેમનુ આયુષ્ય ૧૦૦ વર્ષનું હોય છે અને ૧૨૫૦ વર્ષ દરમ્યાન ૧૨ પેઢીનું રાજ્ય ચાલે છે. આમ સતયુગ અને ત્રેતાયુગ બંને મળી ૨૫૦૦ વર્ષનો સમય આ કલ્પવૃક્ષના મુખ્ય થડ રૂપે દર્શાવવામાં આવ્યો છે.

સમય જતાં પૂજ્ય દેવી-દેવતાઓ પૂજારી બને છે. કારણ કે તેમનામાં વિકારોની પ્રવેશતા થાય છે. આ સઘળા દુઃખ અને અશાંતિને ભૂલવા મનુષ્યો પૂજા, જપ, તપ, દાન અને ભક્તિ શરૂ કરે છે. ઇબ્રાહીમે આવીને ઇસ્લામ ધર્મની, બુધ્ધે બૌધ્ધ-ધર્મની, ઇશુખ્રિસ્તે ખ્રિસ્તી ધર્મની અને શંકરાચાર્યે સંન્યાસ ધર્મની સ્થાપના કરી. આમ અહીં આત્મા રજોગુણી બને છે. દુઃખ અવસ્થામાં આયુષ્ય પણ ૭૫ વર્ષ જેટલું થઇ જાય છે.

અંતે ધર્મગ્લાનિના સમયે પરમપિતા પરમાત્મા પતિત-વૃદ્ધ, શરીરમાં આવે છે અને તેનું નામ પ્રજાપિતા બ્રહ્મા રાખવામાં આવે છે. અમેરિકા અને રશિયારૂપી યાદવો મિસાઇલ્સથી લડે છે. અને ભારતના કૌરવો-પાંડવોમા, કુદરતી આપદાઓ દ્વારા કૌરવોનો વિનાશ થાય છે અને ભગવાન સાથે પ્રીતબુદ્ધિ પાંડવો જન્મ-જન્માતર સતયુગમાં દેવીદેવતા બને છે. વિકારો પર યોગબળથી અહિંસક યુદ્ધ કરનાર દેવતા શ્રીકૃષ્ણને સ્વર્ગીય દુતિયા પ્રાપ્ત થાય છે.

# સર્વ મનોકામના પરિપૂર્ણ કરનાર કલ્પવૃક્ષ



# પ્રભુમિલન માટેનો ગુપ્ત પુરુષોત્તમ સંગમયુગ



# ૧૦. પ્રભુમિલન માટેનો ગુપ્ત પુરુષોત્તમ સંગમયુગ

ખાસ કરીને બે ચીજના મિલનને સંગમ કહેવામાં આવે છે. તેવી રીતે અહીં પણ સતયુગના આદિ અને કળિયુગના અંતની વચ્ચેનો સમય, જે સમયે આત્મા પરમાત્માનું પણ મિલન થાય છે, આમ કલ્પના અંતનો જે સમય છે તેને સંગમયુગ અથવા પુરુષોત્તમ સંગમયુગ અથવા ગીતાયુગ (**Gita episode**) કહેવામાં આવે છે. આ શુભ અવસરની યાદગાર માટે કુંભનો મેળો પણ ભરાય છે.

કળિયુગના અંતે સર્વ મનુષ્ય-આત્માઓ દુ:ખથી ત્રાહી-ત્રાહી પોકારે છે અને નર્કમાંથી બચવા માટે તમોપ્રધાન ભક્તિ પણ કરે છે અને પતિતપાવન પરમાત્માને પોકારે છે. આમ આ સમયે પરમપિતા પરમાત્મા ગીતામાં આપેલા વાયદા અનુસાર ધર્મગ્લાનિના સમયે શ્રીકૃષ્ણના અંતિમ જન્મના અંતિમ પતિત શરીરનો આધાર લે છે, અને આ મનુષ્ય મુખ દ્વારા મનુષ્યને ગીતા જ્ઞાન અને સહજ રાજયોગ શીખવે છે. તે શરીરનું નામ પરમાત્મા ''પ્રજાપિતા બ્રહ્મા'' રાખે છે. આમ બ્રહ્મામુખવંશાવલી બ્રાહ્મણો તૈયાર થાય છે. તેનું શાસ્ત્રોમાં પણ ગાયન ચાલે છે કે બ્રહ્માના મુખમાંથી બ્રાહ્મણો પેદા થયા અને ભક્તિમાર્ગમાં મુખ ''ગૌમુખ'' અથવા ગૌમુખીગંગા નામથી પ્રખ્યાત છે. એટલે આ સમયને પરમપિતા શિવના અવતરણનો સમય અથવા તો સર્વોત્તમ બ્રાહ્મણોનો સંગમયુગ પણ કહેવાય છે. મનુષ્ય આ સમયે પુરુષોત્તમ દેવતા બને છે; અને સંસારમાં પુરુષોત્તમ માસ પણ ઉજવાય છે.

અત્યારે અજ્ઞાનવશ મનુષ્ય માને છે કે આત્મા સો પરમાત્મા અથવા પરમાત્માને કોઇ નામ-રૂપ-ધામ છે જ નહિ. પરંતુ હાલ પરમાત્મા દિવ્ય જન્મ લઇ પોતાના શિવ-કલ્યાણકારી નામનો પરિચય આપે છે. પોતાનું રૂપ જ્યોતિ-બિંદુ અને ધામ પરમધામ બતાવે છે. તેમનું કર્તવ્ય પતિતોને પાવન બનાવવાનું બતાવે છે અને જે અત્યારે ભારતવાસી ભાઇ-બહેન અનુભવ કરી રહ્યા છે. માટે આ ચાલી રહેલા સમયને જ પ્રભુમિલનનો સમય કહેવાય છે.

આ સમયે બ્રાહ્મણો બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીના નામથી પણ પ્રચલિત છે. આમ પરમાત્માના સંગમથી મનુષ્ય મન, વચન અને કર્મથી પવિત્ર બને છે. એટલે તો આદેશ પણ છે કે મન, વચન, કર્મથી પવિત્ર બનો. પરમાત્મા આ સમયે જ ગીતાજ્ઞાન રૂપી મુરલી બજાવી ગોપી-વલ્લભની ગોપ-ગોપીઓને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ કરાવી રહ્યા છે. તેથી તે સુખનું પણ ગાયન છે. માટે જ બ્રાહ્મણોને ઊંચા અથવા ચોટી સમાન ગણવામાં આવ્યા છે. વળી સમાજમાં માંગલિક પ્રસંગે પણ બ્રાહ્મણોને જ બોલાવવામાં આવે છે.

આ અંતિમ જન્મ છે. આ સૃષ્ટિ બદલવાની છે, તેનો કાયાકલ્પ થવાનો છે. આ સૃષ્ટિના મહાવિનાશનાં ચિહ્નો તો આપ જોઇ જ રહ્યા છો. અત્યારે અમેરિકા, રશિયા અને યુરોપવાસી વૈજ્ઞાનિકો વાસ્તવમાં યાદવો છે. તેમણે મૂસળો તૈયાર કર્યા છે. હવે ગીતાયુગની પુનરાવૃત્તિ થઇ રહી છે. મહાભારતના યુદ્ધ (**Internal Atomic world War**) ની પુનરાવૃત્તિ થવાની જ છે. માટે સહજજ્ઞાન અને રાજયોગના શિક્ષણથી કૃષ્ણપુરી અથવા વૈકુંઠમાં દેવપદની પાપ્તિના જન્મસિદ્ધ અધિકારને પ્રાપ્ત કરીએ.

* દરરોજ એવું વ્રત લો જેથી વૃતિ, પ્રવૃત્તિ અને પ્રકૃતિ બદલાઇ જાય.

# ૧૧. ૮૪ જન્મોની કહાણી દર્શાવતી વિચિત્ર સીડી

**આ**પણા આદિદેવ બ્રહ્મા અને આદિદેવી સરસ્વતી આ સૃષ્ટિ પર સૌ પ્રથમ હતાં, એટલે તેઓએ ૮૪ જન્મ લીધા હતા. તો તેમની જીવન કથા જાણવાથી મનુષ્યના ૮૪ જન્મની આપણને પૂર્ણ માહિતી મળી શકે છે.

સતયુગ અને ત્રેતાયુગમાં ૨૦ જન્મ પૂજ્ય દેવપદ તથા જીવનમુક્ત અવસ્થા હોય છે. જેમ આપણે આગળ વૃક્ષમાં જોયું કે પ્રજાપિતા બ્રહ્મા અને જગદંબા સરસ્વતી પુરુષોત્તમ સંગમયુગ પર પરમાત્મા શિવ દ્વારા જ્ઞાન અને રાજયોગની પ્રાપ્તિથી પૂજ્ય શ્રીલક્ષ્મી અને શ્રીનારાયણ રૂપમાં ૧૬ કળા સંપૂર્ણ, સૂર્યવંશી વિશ્વમહારાજન તથા વિશ્વમહારાણી પદ પ્રાપ્ત કરે છે. આઠ પેઢીનું સતયુગમાં અને ત્રેતાયુગમાં બાર પેઢીનું રાજા રાણી અથવા પ્રજાના રૂપમાં રાજ્ય ચાલે છે. આમ આ સમય કુલ ૨૫૦૦ વર્ષનો હોય છે, તે ૨૦ જન્મને સ્વર્ગ અથવા વૈકુંઠ કહેવામાં આવે છે, જ્યાં એક જ રાજાનું સંપૂર્ણ પવિત્ર રાજ્ય હોય છે અને તેને રામરાજ્ય પણ કહેવામાં આવે છે, એટલે તો ગાયન પણ છે કે રામ રાજા, રામ પ્રજા, રામ શાહૂકાર હૈ, બસે નગરી, જીયે દાતા, ધર્મ કા ઉપકાર હે.

ત્યારબાદ દ્વાપર અને કળિયુગમાં કુલ ૬૩ જન્મ જીવનબંધ અને પૂજારી અને વિકારી અવસ્થામાં પસાર થાય છે. આ સીડીમાં સતયુગમાં આઠ જન્મ માટે આઠ પગથિયાં, ત્રેતાના ૧૨ જન્મ માટે બાર પગથિયાં, અને દ્વાપર તથા કળિયુગનાં ૬૩ પગથિયાં બતાવવામાં આવે છે. છેલ્લું પગથિયું અથવા ૮૪મો જન્મ સંગમયુગમાં હોય છે. જેમ સતયુગ અને ત્રેતાયુગમાં સૂર્યવંશી અને ચંદ્રવંશી કહેવાતા હતા. વૈશ્યવંશમાં વિકારોની પ્રવેશતાંથી શિવની ભકિત શરૂ થાય છે અને ભક્તિશિરોમણિ રૂપે અથવા પ્રજાના રૂપે ૨૧ જન્મ ભોગવાય છે. આમ એક સમય એવો આવે છે કે જ્યારે વ્યભિચારી ભક્તિ શરૂ થાય છે. એટલે કે આત્મા તમોપ્રધાન બનતાં કળાહીન થતાં તે શૂદ્રવંશી બને છે. અને અહીં ૪૨ જન્મ ભોગવે છે. વિકારોને કારણે અહીં બહુ જ દુઃખ, અશાંતિ અને ધર્મગ્લાનિ હોય છે. માટે આ સમયને નર્ક અથવા તો વેશ્યાલય પણ કહેવામાં આવે છે.

આ જ પૂજ્ય શ્રીલક્ષ્મી અને પૂજ્ય શ્રીનારાયણ તેમના ૮૩ જન્મ ભોગવી તેમના અંતિમ જન્મ (૮૪)ના સમયમાં છે. અને આ ધર્મગ્લાનિના સમયે પરમાત્મા સૃષ્ટિ ઉપર શ્રી નારાયણના અંતિમ જન્મના અંતિમ સમયે (વાનપ્રસ્થ) આવે છે તે શરીરને પરમાત્મા પ્રજાપિતા બ્રહ્મા નામ આપે છે તથા મુખવંશાવલી બ્રહ્માની બેટીનું નામ સરસ્વતી રાખે છે. આમ બંન્ને ઉચ્ચ પુરુષાર્થ કરી ભવિષ્યના સતયુગ અને ત્રેતાયુગના રાજભાગી બને છે.


આમ મનુષ્યાત્મા ૮૪ જન્મના ચક્રમાં ફરતો હોઈ "૮૪નું ચક્કર" કહેવામાં આવે છે. આખા કલ્પનું આયુષ્ય જ ૫૦૦૦ વર્ષનું છે. તો ૮૪ લાખ જન્મો કઈ રીતે શક્ય બને?

દ્વાપરયુગથી મનુષ્ય આત્મા ભક્તિના ચાર તબક્કામાંથી પસાર થાય છે. સતોપ્રધાન ભક્તિ, તમોપ્રધાન ભક્તિ, તેમાં અનુક્રમે એક શિવ પરમાત્માની, સૂક્ષ્મ દેવતાઓની પૂજા, શ્રીસીતા રામની પૂજા અને જડ તત્વોની પૂજા કરવામાં આવે છે, પરંતુ કહેવાય છે કે "ગુરુ વિના ઘોર અંધારું" હાલની દુનિયામાં તો ગુરુ પણ વધતા જાય છે અને અજ્ઞાનરૂપી અંધકાર પણ વધતો જાય છે. એટલે તો એ સદ્ગુરુ પરમાત્મા શિવનો મહિમા છે અને ગુરુ વિના સદ્ગતિ નથી, તે પ્રમાણે વર્તમાન અંતિમ જન્મના સમયે પરમાત્મા સૃષ્ટિ પર આવી પોતાનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે.

# ૮૪ જન્મોની કહાણી દર્શાવતી વિચિત્ર સીડી



## ખુશીની વાત, મનુષ્ય ૮૪ લાખ યોનિઓ ધારણ કરતો નથી.



# ખુશીની વાત, મનુષ્ય ૮૪ લાખ યોનિઓ ધારણ કરતો નથી.

વાસ્તવમાં મનુષ્યનું લક્ષ્ય ચોર્યાશી જન્મનું છે. પરંતુ ૮૪ લાખ યોનિઓની ગણતરી અને મનુષ્યની પશુયોનિ ધારણ કરવાની મિથ્યા માહિતીથી ૮૪ લાખ જન્મ પ્રચલિત છે પરંતુ અંતર્યામી, ત્રિકાળદર્શી, ત્રિભુવનેશ્વર, ત્રિમૂર્તિ પરમાત્મા શિવ મધુર રહસ્ય સમજાવે છે કે વાસ્તવમાં સતયુગના ૮, ત્રેતાના ૧૨, દ્વાપરના ૨૧, કળિયુગના ૪૨ અને અત્યારનો આ આપણો અંતિમ જન્મ મળી આપણે ૮૪ જન્મ જ ભોગવીએ છીએ.

સામાન્ય માન્યતા એવી છે કે કોઇ ગુનેગારને સજા કરવામાં આવે છે ત્યારે તેની સ્વતંત્રતા છીનવી લેવામાં આવે છે. તેવી જ રીતે મનુષ્ય પાપકર્મ કરે છે ત્યારે દંડ ભોગવવા માટે તેનો પશુયોનિમાં જન્મ થાય છે, પરમાત્મા કહે છે કે મનુષ્ય, મનુષ્ય-યોનિમાં રહીને જ પોતાનાં પાપકર્મ અથવા પુણ્યકર્મ ભોગવે છે. આ સંસારમાં આંધળાં, બહેરા, મૂંગા, ભિખારી તથા પૈસાદાર માણસો પણ જોવામાં આવે છે. અરે! ચિરકાળના રોગી પણ જોવામાં આવે છે. તેમના કરતાં ઘણીવાર પશુઓ પણ વધારે સુખી હોય છે. પશુને પણ ખાવામાં રોટલી, માખણ અને સોફા પર સૂવાનું મળે છે અને પ્રેમથી પાળવામાં આવે છે. જ્યારે એવા કેટલાયે મનુષ્યો છે કે જેમને માટે અન્ન, વસ્ત્ર અને રહેઠાણનો મહાન પ્રશ્ન છે. માટે પ્રશ્ન થાય છે કે આ મનુષ્યજીવનનું જે દુઃખ છે તે કેમ બાકી રહી ગયું? પશુયોનિમાં શિક્ષા ભોગવ્યા બાદ આમ કેમ? વાસ્તવમાં માણસોને પશુયોનિમાં જન્મ લેવો પડતો નથી.


મનુષ્ય સર્વ પ્રાણીઓમાં બુદ્ધિશાળી હોવાથી તેને બે શબ્દો કહેવામાં આવે અથવા બેચાર માણસોની હાજરીમાં અપમાન કરવામાં આવે તો તે અસહ્ય દુઃખનો અનુભવ કરે છે અને ગધેડાને બે લાકડી મારવાથી જે દુઃખ ગધેડો અનુભવે તેના કરતાં પણ વિશેષ દુઃખ મનુષ્ય અનુભવે છે. એટલે કે સજા ભોગવવા માટે મનુષ્યને પશુ-પક્ષી-યોનિમાં જવું પડતું નથી.

જેવું બીજ તેવું ફળ તે પ્રમાણે પણ ગોટલી વાવવાથી બાવળ ન થાય, તેમ મનુષ્ય જ આત્મારૂપી બીજ વાવવાથી એ મનુષ્યનું જ શરીર તૈયાર થાય. છતાં પણ મનુષ્યમાં જેટલા ગુણ અને અવગુણ હોય છે તે સર્વ પ્રકારના ગુણો પશુ પક્ષી-યોનિમાં જોવામાં આવતા નથી કારણ કે મનુષ્ય જીવનમાં જેવા સંસ્કાર હોય તેવા જ સંસ્કાર પશુમાં હોય તો સર્પ ક્યારેક હસવાનું કે આવકાર આપવાનું કાર્ય કરતો નથી. તેવી જ રીતે અન્ય પશુ-પક્ષીઓનું પણ છે એટલે કે મનુષ્ય-આત્માનો ગુણ, કર્મ, સ્વભાવ અને પશુ અથવા અન્ય યોનિના ગુણ, કર્મ, સ્વભાવ વગેરે અનાદિ અને ભિન્ન જ છે, તેથી સાબિત થાય છે કે મનુષ્ય આત્મા ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરતો નથી.

ધારો કે મનુષ્યાત્મા પશુયોનિમાં જતો હોય, એટલે કે પાપનો દંડ ભોગવતા મનુષ્યને ૮૪ લાખ યોનિ ધારણ કરવી પડતી હોય તો વિચારવું જોઇએ કે આખી દુનિયા તો કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારને વશ થઇ વિષય-વિકારોમાં ગોથાં ખાતી પાપકર્મ કરી જ રહી છે તો આ સર્વ મનુષ્યો મરે ત્યારે પ્રાણી જગતમાં જવા જોઇએ. આમ બને તો મનુષ્યની સંખ્યા ઘટી જાય અને પશુ-પંખીઓની સંખ્યા વધી જાય. પરંતુ હાલ પણ આપણે જાણીએ છીએ કે પશુ-પંખીની સંખ્યા સાથે મનુષ્યની સંખ્યા પણ વધે જ જાય છે. આ સાબિત કરે છે કે મનુષ્ય પશુયોનિ ધારણ કરતો નથી, પરંતુ જો વિષય-વિકારોમાં જ ડૂબકી ખાય તો વાંદરાથી પણ ખરાબ. તો આ મનુષ્ય-જીવનને જ પ્રયોગશાળા કહેવામાં આવે છે કે તેમાં જો આત્માના પિતા પરમાત્માનો અનુભવ ન થાય તો એ પ્રયોગશાળા નકામી છે અથવા તો મનુષ્ય તનમાં પણ પશુ સમાન જ છે.

# ઇશ્વરીય વિશ્વ - વિદ્યાલય

(પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખ્ય સ્થાન, આબુપર્વત)




આ પથ પ્રદર્શનમાં જે ઇશ્વરીય જ્ઞાન તથા સહજ રાજયોગ વિશે લખવામાં આવ્યું છે, એનું વિસ્તારપૂર્ણ શિક્ષણ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલયમાં આપવામાં આવે છે. ઉપર જે ચિત્ર છપાયું છે તે એના મુખ્ય શિક્ષણકેન્દ્ર તથા મુખ્ય કાર્યાલયનું છે. આ ઇશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના પરમપ્રિય પરમાત્મા જ્યોતિબિન્દુ શિવે ૧૯૩૭માં સિંધમાં કરી હતી. પરમપિતા પરમાત્મા શિવ પરમધામ અર્થાત્ બ્રહ્મલોકથી અવતરિત થઇને એક સાધારણ અને વૃધ્ધ મનુષ્યના તનમાં દિવ્ય અવતરણ કરે છે કારણ કે કોઇ માનવીય મુખ વિના નિરાકાર પરમાત્મા બીજી કઇ રીતે જ્ઞાન આપી શકે?

જ્ઞાન અને સહજ રાજયોગ દ્વારા સતયુગની સ્થાપના માટે જ્યોતિ બિન્દુ શિવનો જે મનુષ્યના તનમાં 'દિવ્યપ્રવેશ' અથવા દિવ્યજન્મ થયો, તે મનુષ્યને એમણે 'પ્રજાપિતા બ્રહ્મા' - આ અલૌક્કિ નામ આપ્યું. એમના મુખારવિંદ દ્વારા જ્ઞાન અને યોગનું શિક્ષણ લઇને બ્રહ્મચર્યવ્રત ધારણ કરનારા તથા પૂર્ણ પવિત્રતાનું વ્રત લેનારા નર અને નારીઓને ક્રમશ : મુખવંશી 'બ્રાહ્મણ' તથા 'બ્રાહ્મણીઓ' અથવા 'બ્રહ્માકુમાર' અને 'બ્રહ્માકુમારીઓ' કહેવામાં આવે છે. કારણ કે એમનું આધ્યાત્મિક નવજીવન બ્રહ્માના શ્રીમુખ દ્વારા આપવામાં આવેલ જ્ઞાનથી થયું.

પરમપિતા શિવતો ત્રિકાલદર્શી છે. તેઓ તો એમની જન્મ જન્માંતરની જીવનકથા જાણતા હતા કે આજ સતયુગના આરંભમાં પૂજ્ય શ્રી નારાયણ હતા અને સમય જતાં કળાઓ ઓછી થતાં થતાં હવે આ અવસ્થાને પામ્યા છે. તેથી એમના તનમાં અવતરિત થઇને એમણે સન ૧૯૩૭માં આ અવિનાશી જ્ઞાનયજ્ઞની અથવા ઇશ્વરીય વિશ્વવિદ્યાલયની ૫૦૦૦ વર્ષ પહેલાંની માફક ફરી સ્થાપના કરી.

આ પ્રજાપિતા બ્રહ્માનેજ મહાભારતની ભાષામાં 'ભગવાનનો રથ' પણ કહી શકાય, જ્ઞાન ગંગા લાવવા માટે નિમિત્ત બનનારા 'ભાગીરથ' અને 'શિવ'નું વાહન 'નંદીગણ' પણ કહી શકાય.



## પિતા શ્રી બ્રહ્મા

(જેમના માધ્યમથી પરમપિતા શિવે જ્ઞાન આપ્યું)



## જગદંબા સરસ્વતી

(જેમણે જ્ઞાનવીણા દ્વારા આત્મિક જાગૃતિ જન્માવી)

જે મનુષ્યના તનમાં પરમાત્મા શિવે પ્રવેશ કર્યો, તે એ સમયે કલકત્તામાં એક વિખ્યાત ઝવેરી હતા અને શ્રી નારાયણના અનન્ય ભક્ત હતા. એમનામાં ઉદારતા, સર્વના કલ્યાણની ભાવના, વ્યવહારકુશળતા, રાજ્યકુળને શોભે તેવી શાલીનતા અને પ્રભુમિલનની ઉત્કટ ઇચ્છા હતી. એમનો રાજાઓ મહારાજાઓ સાથે પણ સંબંધ હતો. સમાજની અગ્રણી વ્યકિતઓ અને સાધારણ તથા નીચલા વર્ગથી પણ ખૂબ પરિચિત હતા. તેથી તેઓ અનુભવી હતા અને એ દિવસોમાં એમની ભક્તિની પરાકાષ્ઠા તથા વૈરાગ્યને યોગ્ય ભૂમિકા હતી.

તેથી પ્રકૃતિને દિવ્ય બનાવવા માટે માટે માધ્યમ પણ પ્રવૃતિમાર્ગવાળી વ્યક્તિનું હોવું યોગ્ય હતું આ તથા અન્ય અનેક કારણોને લીધે ત્રિકાળદર્શી પરમાત્મા શિવે એમના તનમાં પ્રવેશ કર્યો.

એમના મુખ દ્વારા જ્ઞાન અને યોગનું શિક્ષણ સર્વ બ્રહ્માકુમારો અને બ્રહ્માકુમારીઓમાં જે શ્રેષ્ઠ હતાં એમના અલૌકિક જીવનનું નામ પડ્યું જગદમ્બા સરસ્વતી. તેઓ 'યજ્ઞ માતા' બન્યાં. એમણે જ્ઞાનવીણા દ્વારા જનજનને પ્રભુ પરિચય આપીને એમનામાં આધ્યાત્મિક જાગૃતિ આણી. એમણે આજીવન બ્રહ્મચર્યવ્રતનું પાલન કર્યુ અને સહજ રાજયોગ દ્વારા અનેક મનુષ્યાત્માઓની જ્યોતિ જગાવી. પ્રજાપિતા બ્રહ્મા અને જગદમ્બા સરસ્વતીએ પવિત્ર અને દૈવી જીવનનો આદર્શ પૂરો પાડ્યો

# માયા જીતે જગતજીત બનાવનાર સ્વદર્શન ચક્ર.

સામાન્ય રીતે આપણે સૌ શુભ પ્રસંગે સ્વસ્તિક દોરીએ છીએ. પરંતુ વાસ્તવમાં તેનું જે ગુહ્ય જ્ઞાન છે તે આપણે જાણતા નથી. એનો અર્થ તે સ્વ-સ્થિતિ. સ્વ એટલે હું અને સ્થિતિ એટલે પરિસ્થિતિ. મારી આ સૃષ્ટિ પર કેવી સ્થિતિ છે તેનું આ નિશાન સૃષ્ટિચક્ર છે. આ મનુષ્ય સૃષ્ટિ પ્રકૃતિ અને પુરુષનું એક અનાદિ અવિનાશી નાટક છે. આ નાટકના આપણે સૌ મનુષ્ય આત્માઓ પાત્ર હોવા છતાં પોતાના જ જન્મોને, મુખ્ય પાત્રોને નિર્દેશક વગેરેને નથી જાણતા. જાણવા મળે તો અત્યંત આનંદ થાય.

આમ તો આ સૃષ્ટિ-નાટકને સમજાવે કોણ? જરૂર કહીશું કે જેણે નાટક બનાવ્યું-નિર્દેશક બન્યા હોય તે. પરમપિતા પરમાત્મા આ સૃષ્ટિના બીજરૂપ છે. અને તેના આદિ, મધ્ય અને અંતને જણાવતાં કહે છે કે આ સૃષ્ટિ- નાટક એક ધાર્મિક રાજનૈતિક (**Religo Political**) નાટક છે. તેના સતયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, કળિયુગ અને સંગમયુગ એમ પાંચ ભાગ છે.

આ નાટકમાં દરેક આત્મા પૂર્વ-નિશ્ચિત સમય પર પરમધામથી આવી સૃષ્ટિ રંગમંચ પર પોતાનું પાત્ર ભજવે છે. તો સર્વ પ્રથમ સતયુગમાં થોડા આત્મા આવે છે. બાકીના આત્માઓ પરમધામમાં હોય છે. આ સમયે અહીં આદિ સનાતન દેવી-દેવતા ધર્મ હોય છે. આત્મા સતોપ્રધાન હોય છે. ત્યાં શ્રીકૃષ્ણની રાજધાની હોય છે. લોકો સંપૂર્ણ સુખી હોય છે. એટલે કે સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ હોય છે. ૧૨૫૦ વર્ષમાં અહીં આઠ પેઢીનું રાજ્ય ચાલે છે, તેને સૂર્યવંશી દેવતા કહેવામાં આવે છે.

ત્યારબાદ ત્રેતાયુગ આવે છે. બે કળા ઓછી થાય છે. એટલે આત્મા સતો સામાન્ય બને છે. રામરાજ્યની શરૂઆત થાય છે, અને આત્માઓનું આયુષ્ય ઘટતાં તેઓ બાર જન્મ ભોગવે છે, તે સુખી દુનિયા રામરાજ્ય માટે પૂ. ગાંધી બાપુની ચાહના હતી. અહીં ચંદ્રવંશી રાજધાની ૧૨૫૦ વર્ષ ચાલે છે દિવસે દિવસે આત્માની કળા નીચે ઉતરતી જાય છે.

ત્યારપછી દ્વાપરયુગમાં આત્મા રજોપ્રધાન બને છે તેની આઠ કળા થઇ જાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર પ્રવેશ કરે છે. અને તેને લીધે દુઃખની શરૂઆત થાય છે. દુઃખી આત્માઓ પરમાત્મા શિવની અવ્યભિચારી ભક્તિ શરૂ કરે છે. રાજા વિક્રમાદિત્ય સોમનાથનું મંદિર બંધાવે છે. ધર્મસ્થાપકોનું ક્રમે ક્રમે આગમન થાય છે. ઈબ્રાહીમ આવીને ઈસ્લામ ધર્મની સ્થાપના કરે છે બુદ્ધ દ્વારા બૌદ્ધ ધર્મની સ્થાપના થાય છે, ઈશુખ્રિસ્ત ખ્રિસ્તી ધર્મ સ્થાપે છે અને શંકરાચાર્ય સંન્યાસધર્મની સ્થાપના કરે છે. આ ધર્મના મુખ્ય ચાર ધર્મગ્રંથો છે.

કળિયુગની શરૂઆત થાય છે. આત્મા તમોપ્રધાન બને છે. આત્માની કળા પ્રાયઃલોપ થાય છે અને દ્વાપરના ૧૨૫૦ વર્ષમાં આત્માએ જે એકવીસ જન્મ ભોગવ્યા તેનાથી પણ આયુષ્ય ટૂંકું થતાં કળિયુગના ૧૨૫૦ વર્ષમાં ૪૨ જન્મ થાય છે. ચારે બાજુ પાણી વાયુ, અગ્નિ, વનસ્પતિ વગેરે તત્ત્વોની પૂજા શરૂ થાય છે. આ અતિ ધર્મગ્લાનિનો સમય છે.

આખરે પુરુષોત્તમ સંગમયુગમાં પરમપિતા પરમાત્મા શિવ અતિ સાધારણ વૃદ્ધ તનમાં પ્રવેશી તેનું નામ બ્રહ્મા રાખી ગીતાજ્ઞાન આપે છે અને કળિયુગી દુઃખી દુનિયામાંથી સર્વ આત્માઓને મુક્તિ અને જીવનમુક્તિનો ૨૧ જન્મોનો અવિનાશી વારસો આપે છે. આ સૃષ્ટિનાં ૫૦૦૦ વર્ષ પૂરાં થતાં નજીકના ભવિષ્યમાં જ સ્વર્ગની દુનિયા આવનાર છે. તો પિતાને ઓળખી તેમની શ્રીમત અનુસાર યોગ્ય પુરુષાર્થ કરી ભવિષ્યના ૨૧ જન્મોના વારસાના હક્કદાર બનો.

માયા જીતે જગતજીત બનાવનાર સ્વદર્શન ચક્ર.



# ૮૪ જન્મોની કહાણી દર્શાવતી વિચિત્ર સીડી



# ૧૪. સાવધાન ? કુંભકર્ણ ન બનો !

ઉપરોક્ત શબ્દથી આપણે પરિચિત છીએ જ. કુંભ એટલે ઘડો અને કર્ણ એટલે કાન. એક કાનથી સાંભળતા જ રહે અને બીજા કાનથી બહાર કાઢતા જ રહે. આમ જીવનને ધારણા મૂર્તિ ન બનાવી શકે તેમને કહેવાય છે કે કુંભકર્ણ. આજે વિશેષરૂપમાં મનુષ્યની માન્યતા છે કે સૃષ્ટિના મહાકાળને અથવા મહાવિનાશને ઘણો સમય બાકી છે પરંતુ અલ્પજ્ઞ મનુષ્યને ક્યાં ખબર છે કે હિન્દુધર્મની સ્થાપના કોણે કરી? કઇ તારીખે શાસ્ત્રો લખાયા? આજની તારીખે તેમાં લખાયેલાં વર્ષોમાંથી કેટલો આંકડો બાકી રહ્યો? કામ-ક્રોધ આદિ મનુષ્યના મિત્રો છે કે શત્રુ? આજે મનુષ્ય ઘસઘસાટ અજ્ઞાન નિદ્રામાં જ પડયો છે. જે પૂર્ણ રીતે જાણતો નથી. તે છે અજ્ઞાની-કુંભકર્ણ.

પરંતે હવે પરમપિતા પરમાત્મા કહે છે કે અત્યારે કળિયુગ તેની અંતિમ વૃદ્ધાવસ્થામાં છે. હવે તો તેના મહાવિનાશનાં નગારાં વાગી રહ્યાં છે. આપણે જોઇ રહ્યાં છીએ કે આ આખીયે મનુષ્યસૃષ્ટિ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારની ચિતામાં સળગી રહી છે. સૃષ્ટિના મહાવિનાશ માટે એટમબૉંબ, હાઇડ્રોજન બૉંબ તથા મીસાઇલ્સ તૈયાર થઇ ચૂકયા છે. હવે આ સમયે કોઇ કહે કે હજુ તો મહાવિનાશ દૂર છે તો તે ઘોર અજ્ઞાનમાં છે અને કુંભકર્ણની લાંબી નિદ્રામાં સૂતો છે, તે પોતાનું જ અહિત કરી રહ્યો છે. અત્યારે પરમાત્મા શિવ દિવ્ય જન્મ લઇ જ્ઞાન અમૃત પિવડાવી રહ્યા છે, ત્યારે મનુષ્ય આત્માઓ તેની તરફ આંખ આડા કાન કરે છે.

સર્વને ખબર હોવી જોઇએ કે હવે પરમપ્રિય પરમપિતા શિવ સતયુગી પાવન શ્રેષ્ઠાચારી દૈવી સૃષ્ટિની પુનઃસ્થાપના કરી રહ્યા છે. તે મનુષ્યને દેવતા અથવા પતિતોને પાવન બનાવી રહ્યા છે. તેમના જ દ્વારા અપાઇ રહેલ સહજ જ્ઞાન અને રાજયોગની અમૂલ્ય વિદ્યા ધારણ કરી જીવનને પાવન, સતોપ્રધાન, દૈવી તથા આનંદમય બનાવવાનો સર્વોત્તમ પુરુષાર્થ કરવો જોઇએ. જે લોકો સમજી બેઠા છે કે હજુ તો કળિયુગનાં ઘણા વર્ષ બાકી છે તે પોતાનું ભાગ્ય જ ગુમાવી રહ્યા છે.

પરમપિતા પરમાત્મા શિવે પ્રજાપિતા બ્રહ્મા દ્વારા દિવ્યદૃષ્ટિથી અનેક ભાઇ-બહેનોને જે સાક્ષાત્કાર કરાવ્યા છે તેના આધારે અમને સ્પષ્ટ જાહેર કરતાં આનંદ થાય છે કે આ કળિયુગી સૃષ્ટિ અંતિમ શ્વાસ લઇ રહી છે, અથવા તો તેનો શ્વાસ નીકળી રહ્યો છે. જેમ દર્દી તેની અંતિમ અવસ્થામાં પ્રાણવાયુ પર હોય છે, તેમ આ સૃષ્ટિ પણ તેની મૃત્યુની ઘડી પર છે. તે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારના રોગથી પિડાય છે. એટલે કે તેનું આયુષ્ય લાખો વર્ષ માનવું તે મહાન ભૂલ છે, અને કળિયુગ હજુ બાળક છે તે માનવું એટલે અજ્ઞાન-નિદ્રામાં સૂતેલા કુંભકર્ણ બરાબર છે. જે મનુષ્ય આ ઇશ્વરીય સંદેશને એક કાનથી સાંભળી બીજા કાનથી કાઢી નાંખે તેના કાન ઘડા સમાન છે વિવેકબુદ્ધિ વિનાના છે.

તો અત્યાર સુધી આ આંખે ઘણી સ્થૂળ વસ્તુ જોઇ છે. આ કાન દ્વારા ઘણીય વસ્તુ સાંભળી પણ છે. હવે ફકત વિચારવાનું જ બાકી છે. વિચારીને પણ બેસી રહેવાનું નથી, તેનાં કરતાં પણ આચરણ સવિશેષ છે. જો આ ઇશ્વરીય સંદેશને અપનાવવામાં નહિ આવે તો તે કુંભકર્ણ બની ૨૧ જન્મોનું સુખ ખોઇ બેસશે.

# ૧૫. ભારતનો જૂનો દુશ્મન-રાવણ

**રા**વણ શબ્દથી માણસને તિરસ્કાર અને ઘૃણા ઉત્પન્ન થાય છે કારણ કે રાવણનો અર્થ થાય છે રડાવનાર. જેમ રાવણ શબ્દ સાંભળતાં જ દશ માથા યાદ આવ્યા વગર રહેતાં નથી. વાસ્તવમાં કોઇ દશ માથાવાળી વ્યકિત હોઇ શકે નહિ; પરંતુ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર પાંચ વિકાર નરમાં અને આ પાંચ વિકાર નારીમાં આમ દસ થાય છે. તે વાસ્તવમાં મનુષ્યને જન્મ જન્માંતર દુઃખી બનાવે છે. રાવણ રડાવવાવાળો જ કહેવાય છે. તેનું રાજ્ય એટલે દુઃખ અને અશાંતિ.

આ રાજ્ય સૃષ્ટિ પર સંવત ૨૫૦૧ થી ૫૦૦૦ વર્ષ સુધી ચાલે છે, એટલે કે રામરાજ્યની માફક ૨૫૦૦ વર્ષ ચાલે છે, એટલે કે રાવણરાજ્યને બ્રહ્માની રાત્રિ પણ કહેવામાં આવે છે. અને તેમાં દ્વાપર અને કળિયુગનો સમાવેશ થાય છે. સંવત ૨૫૦૧ થી સંવત ૩૭૫૦ સુધી મનુષ્યાત્મા રજોપ્રધાન હોય છે, તે સમય દરમ્યાન જે દૈવી આત્માઓ હોય છે તે વિકારોની પ્રવેશતાને કારણે પરમાત્માને યાદ કરે છે. મંદિરો બંધાવે છે, શ્રીકૃષ્ણના આત્માએ વૃંદાવનમાં નિરાકાર ગોપેશ્વરની પૂજા કરી, શ્રીરામના આત્માએ રામેશ્વરની પૂજા કરી અને રાજા વિક્રમાદિત્યે સોમનાથનું મંદિર બંધાવ્યું તો આ સમયે એક જ નિરાકાર, પરમપ્રિય પરમપિતા શિવની ભક્તિ હતી, માટે તેને અવ્યભિચારી ભક્તિ કહેવાય છે. ત્યારબાદ ૩૭૫૧ થી ૫૦૦૦ વર્ષના ગાળામાં કળિયુગની શરૂઆત થઇ. આત્મા તમોપ્રધાન બન્યો અને મૂળ ભગવાનને ભૂલી દેવી દેવતાઓ, અગ્નિ, પાણી, વાયુ વગેરેની અંધશ્રદ્ધાળુ ભક્તિ અથવા વ્યભિચારી ભક્તિ શરૂ થઇ. તેથી તો સ્વર્ગના માલિક શ્રીકૃષ્ણને શ્યામ સુંદર કહેવામાં આવે છે. જે આત્મા પૂજ્ય હતો તે પૂજારી બને છે. અને જે આત્મા સુંદર હતો. તે કળિયુગમાં શ્યામ બને છે.


દ્વાપરયુગમાં આત્માની આઠ કળા થઇ. વિકારોની પ્રવેશતા થઇ, ધર્મસ્થાપકોએ આવીને ઇસ્લામ, બૌદ્ધ વગેરે ધર્મોની સ્થાપના કરી અને દિવસે દિવસે આત્માની દુર્ગતિ થઇ. ધર્મ સત્તા અલગ અલગ હાથમાં ગઇ. આમ આ રાજ્ય સંપૂર્ણ ભ્રષ્ટાચારી, આસુરી બની ગયું.

આ રાજયમાં વિકારોની સંપૂર્ણ હાજરી હોવાથી ભોગવિલાસને આગવું સ્થાન મળ્યું. ભોગથી જન્મ થવા લાગ્યો અને ગર્ભમહેલની જગ્યાએ ગર્ભ જેલ ભોગવવાની શરૂઆત થઇ. ધરતી પણ તમોપ્રધાન બને છે. કંગાલિયત અને ગરીબીનું પ્રમાણ વધે છે. લોકો અકાળે મરે છે. પ્રકૃતિ પણ પ્રકોપ કરે છે.

દ્વાપરયુગના ૧૨૫૦ વર્ષ દરમ્યાન ૨૧ પેઢી ચાલે છે. આઠ કળા થાય છે. સુખશાંતિ અને પવિત્રતા ઓછા થાય છે. આયુષ્ય ઘટીને ૧૦૦ થી ૭૫ વર્ષનું થાય છે. આ રાવણ (વિકારો) પરમાત્મા રામની આત્મા રૂપી સીતાનું અપહરણ કરી દુઃખ આપે છે. તેથી નિરાકાર પરમાત્મા રામ ધર્મગ્લાનિના સમયે આવી વિકારોમાંથી છોડાવે છે. તેથી રાવણની મરણતિથિ તરીકે આપણે દશેરા અથવા વિજયાદશમીનો તહેવાર ઉજવીએ છીએ. આપણે દસ વિકારો પર વિજય મેળવીએ છીએ. પરંતુ હાલના વાસ્તવિક જીવનમાં જોઇશું તો વિકારોનું સામ્રાજ્ય છે એટલે રાવણરાજ્ય છે જ. તેથી તો મારામારી, લડાઇ, ઝઘડા, અશાંતિ, પાપાચાર, ભ્રષ્ટાચાર વગેરેથી મનુષ્ય માત્ર ત્રાહી-ત્રાહી પોકારે છે. માટે તે દુનિયાને નર્ક પણ કહેવામાં આવે છે.

ધર્મની આ અતિગ્લાનિના સમયે ગીતાના વાયદા અનુસાર પરમપિતા પરમાત્મા નિરાકાર શિવ સહજજ્ઞાન અને રાજયોગના શિક્ષણથી આત્મારૂપી સીતાઓને શોક વાટિકામાંથી મુક્તિ આપવા વાંદરા જેવા વિકારી મનુષ્યોની સેના લઇ તેને અશોકવાટિકા (રામરાજ્ય)માં લઇ જાય છે. અને બંદરને મંદિર લાયક બનાવે છે.

# ભારતનો જૂનો દુશ્મન-રાવણ



# બાપુ ગાંધીજીનું સ્વપ્ન : રામરાજ્ય



# ૧૬. બાપુ ગાંધીજીનું સ્વપ્ન : રામરાજ્ય

'રામ' શબ્દથી જ પ્રભુપ્રેમી મનુષ્ય આનંદના સાગરમાં ડૂબે છે. રામનો અર્થ છે રમણીય બનાવનાર. વાસ્તવમાં આજે રામ શબ્દ છે તે નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ કે જેમની રામેશ્વર તરીકે પૂજા કરી દશરથના પુત્ર રાજા રામ રામરાજ્યના સુકાની બને છે. માટે રામરાજ્યના સ્થાપક છે નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ અને જેને માટે કહેવાય છે કે રામ રાજા, રામ પ્રજા, બસે નગરી જીયે દાતા, ધર્મ કા ઉપકાર હૈ.

આ રામરાજ્ય સૃષ્ટિ પર સંવત ૧ થી ૨૫૦૦ વર્ષ એટલે ૨૫૦૦ વર્ષ સુધી ચાલે છે, તેને બ્રહ્માનો દિવસ પણ કહેવામાં આવે છે. તેમાં સતયુગ અને ત્રેતાયુગનો સમાવેશ થાય છે. સંવત ૧ થી ૧૨૫૦ વર્ષ સુધીના સતયુગમાં મનુષ્ય આત્મા સતોપ્રધાન હોય છે. તે સમય દરમિયાન શ્રીલક્ષ્મીનારાયણનું રાજ્ય હોય છે આત્મા સોળે કળા સંપૂર્ણ હોવાથી આ સમયના રાજા મહારાજાઓને સૂર્યવંશી દેવતાઓ કહેવામાં આવે છે સમય જતાં સંવત ૧૨૫૧ થી ૨૫૦૦ વર્ષ દરમ્યાન શ્રીસીતારામનું રાજ્ય ચાલે છે. તેને ત્રેતાયુગ પણ કહેવામાં આવે છે. અહીં આત્મા સતો સામાન્ય હોય છે. પરંતુ બે કળા ઓછી થવાથી આ રાજાઓ ચન્દ્રવંશી દેવતાઓ કહેવાય છે. સતયુગમાં ફક્ત દેવતાઓ છે. જ્યારે ત્રેતાયુગના દેવતાઓને ક્ષત્રિય પણ કહેવામાં આવે છે તેથી રામના હાથમાં ધનુષ્ય બાણ બતાવવામાં આવે છે.

સતયુગના સમયમાં દેવતાઓ સોળે કળા સંપૂર્ણ સર્વગુણ સંપન્ન, સપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ હોય છે. વિશ્વમાં એક જ ધર્મ, એક જ રાજ્ય, એક જ ભાષા હોય છે. ધર્મસત્તા અને રાજ્યસત્તા એક જ હાથમાં હોય છે. એટલે મતમતાંતરોને સ્થાન હોતું નથી. આ સમયની રાજધાનીને શ્રેષ્ટાચારી દૈવી સ્વરાજ્ય કહેવામાં આવે છે.

આ રાજ્યમાં વિકારની સદંતર ગેરહાજરી હોવાથી ભોગવિલાસને બિલકુલ સ્થાન નથી. પરંતુ ત્યાં જે જન્મ થાય છે તે માત્ર યોગબળથી થાય છે. માટે તેને ગર્ભમહેલ પણ કહેવામાં આવે છે. આ સમયે ધરતી પણ સતોપ્રધાન હોવાથી બહુ જ ફળદ્રુપ હોય છે. લોકો ધન-ધાન્યથી સંપન્ન હોય છે. ત્યાં ક્યારેય પણ અકાળે અવસાન થતું નથી. એટલે આ દુનિયાને અમરલોક પણ કહેવામાં આવે છે.

સતયુગના સમયમાં ૧૨૫૦ વર્ષ દરમ્યાન આત્મા આઠ વખત જન્મ લે છે. સંપૂર્ણ સુખ, શાંતિ, પવિત્રતા અને શક્તિશાળી દેવતાઓ હોવાથી અહીંનુ આયુષ્ય પણ ૧૫૦ વર્ષનું હોય છે, શ્રીકૃષ્ણ અને શ્રીરાધા સ્વયંવર પછી શ્રીલક્ષ્મી-નારાયણ બને છે અને રાજસત્તા ભોગવે છે. આમ આઠ પેઢીનાં રાજ્ય માટે શ્રી કૃષ્ણની જન્મજયંતીની યાદગારરૂપે જન્માષ્ટમી ઉજવવામાં આવે છે. ત્યારબાદ શ્રીરામરાજ્ય આવતું હોઈ દશરથના પુત્ર રાજા રામને રાજતિલક મળે છે. તેથી રામની જન્મજયંતિરૂપે રામનવમી ઉજવવામાં આવે છે. પરંતુ આ રામરાજ્યના સ્થાપક નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ ધર્મની ગ્લાનિના સમયે ગીતાજ્ઞાન આપી પતિત રાજ્યને પાવન રાજ્ય બનાવવા આવે છે. તે સમયને શિવજયંતી અથવા શિવરાત્રિના તહેવાર તરીકે ઉજવવામાં આવે છે.

અત્યારે ધર્મગ્લાનિનો સમય પૂરો થવાની તૈયારીમાં છે અત્યારે કલ્યાણકારી પુરુષોત્તમ યુગ ચાલી રહ્યો છે. રામરાજ્યના સ્થાપક રામેશ્વર પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સહજજ્ઞાન અને રાજયોગ શીખવી રહ્યા છે. તો આ રામરાજ્યમા જવા એટલે કે મુક્તિ અને જીવનમુક્તિનો ઈશ્વરીય જન્મસિદ્ધ-અધિકાર પ્રાપ્ત કરવા, ભારતનો પ્રાયઃલોપ, પ્રાચીન સહજ રાજયોગ પરમાત્મા પાસેથી શીખવા કમર કસીએ.


# ૧૭. ભારતના લાડીલા શ્રીકૃષ્ણનું આગમન

**આ** શબ્દ એક ગુણવાચક નામ છે. શ્રીનો અર્થ થાય છે શ્રેષ્ઠ અને કૃષ્ણનો અર્થ થાય છે આકર્ષણમૂર્ત. એટલે કે જે શ્રેષ્ઠ-આકર્ષણમૂર્ત છે તે શ્રી શબ્દ હંમેશાં એકબીજાની સરખામણી માટે વપરાય છે. સંપૂર્ણ દૈવીગુણોવાળા મનુષ્યોમાં શ્રીકૃષ્ણ શ્રેષ્ઠ હતા તેથી તેમનો મહિમા પુરુષોત્તમ તરીકે કરવામાં આવે છે. આમ જે પુરુષોમાં ઉત્તમ પુરુષ હોય તેને કેવી રીતે ભગવાન કહેવાય? પરમાત્મા તો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. તો તેમની સરખામણી કોની સાથે થઇ શકે? એટલે તો નિરાકાર પરમાત્મા શિવને કલ્યાણકારી અથવા તો આકર્ષણમૂર્ત કહેવા કરતાં તેમનું નામ જ શ્રીકૃષ્ણ તરીકે જાહેર થઇ ગયું. વાસ્તવમાં ભગવાનના જે કંઇ નામો છે તે તેમના ગુણના આધારે છે, જેમકે ભગવાન એટલે ભાગ્યવાન બનાવનાર, પ્રભુ એટલે જે પૃથ્વીથી પર છે તે, ઇશ્વર એટલે આશાઓનુ વરદાન આપનાર. રામ એટલે રમણીય બનાવનાર-વગેરે.


ભગવાનનો મહિમા કરીએ છીએ ત્યારે કહીએ છીએ કે આપ તો જ્ઞાનના સાગર, આનંદના સાગર, પ્રેમના સાગર, ગતિ સદ્ગતિદાતા અથવા પતિતપાવન છો, જ્યારે શ્રીકૃષ્ણની મહિમા કરતાં કહીએ છીએ કે- આપ તો સર્વગુણ-સંપન્ન, સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદા પુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મ છો તેથી સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ દેવતા છે. તે ૮૪ જન્મના ચક્કરમા આવે છે, જ્યારે પરમાત્મા શિવ આવતા નથી. એટલે જે શ્રીકૃષ્ણનો આત્મા સતયુગમાં સતોપ્રધાન હતો તે કળિયુગના સમયે તમોપ્રધાન (કાળો) બને છે. તેથી તો શ્રીકૃષ્ણને શ્યામસુંદર પણ કહેવામાં આવે છે. ગોપ-ગોપીઓ સાથે શ્રીકૃષ્ણે અતીન્દ્રિય સુખ ભોગવ્યું તેમ આપણે સાંભળતા આવ્યા છીએ અથવા શ્રીકૃષ્ણની રાસલીલા આપણા હોઠ પર જ છે. તેથી જે સુખ ભોગવનાર છે તેને દેવતા કહેવાશે કારણ કે પરમાત્મા તો અકર્તા અને અભોકતા છે.

વાસ્તવમાં શ્રીકૃષ્ણ તથા અન્ય દેવતાઓએ સતયુગમાં ૧૨૫૦ વર્ષ દરમિયાન સંવત ૧ થી સંવત ૧૨૫૦ વર્ષ રાજ્ય ભોગવ્યું છે. તેઓ સોળે કળા સંપૂર્ણ અને સંપૂર્ણ નિર્વિકારી હતા. તેથી સૂર્યવંશી દેવતાઓ કહેવામાં આવતા હતા. શ્રીકૃષ્ણ સ્વયંવર પછી શ્રીનારાયણ બને છે. એટલે તો સતયુગની આઠ પેઢીની યાદગારરૂપે આપણે જન્માષ્ટમી ઉજવીએ છીએ, પરંતુ શ્રીનારાયણની કોઇ તિથિ ઉજવાતી નથી અને તેમની કોઇ અલગ કથા પણ નથી. ભક્તો ભક્તિ કરતાં ગાય છે :-શ્રીકૃષ્ણ ગોવિન્દ, હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ, એટલે શ્રીકૃષ્ણને જ નારાયણ તરીકે બિરદાવવામાં આવે છે. ત્યારે પછી ત્રેતામાં ૧૨ જન્મ, દ્વાપરયુગમાં ૨૧ જન્મ અને કળિયુગના ૪૨ જન્મ પૂરા કરી શ્રીકૃષ્ણનો આત્મા જ્યારે ૮૪માં જન્મમાં આવે છે, ત્યારે પરમપિતા પરમાત્મા શિવ તેમના અંતિમ જન્મના અંતિમ સમયે પતિત દુનિયામાં દિવ્ય જન્મ લઇ-આ અંતિમ જન્મના શરીરનો આધાર લઇ, એટલે જે શરીરનું નામ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્મા રાખેલ હોય છે, તેમના મુખકમળનો આધાર લઇ ગીતાજ્ઞાન આપે છે. તેથી ગીતાશાસ્ત્ર દ્વાપરયુગમાં બન્યું ત્યારે તેના પર શ્રીકૃષ્ણનું નામ લખાયું છે. વાસ્તવમાં ભૂલ થઇ છે, આમ અત્યારે પરમાત્મા પ્રેકટીકલમાં સહજ રાજયોગનું શિક્ષણ આપી રહ્યા છે, અને આ પ્રજાપિતા બ્રહ્મા જ તેમના ભવિષ્યના આવનાર સતયુગના નવા જન્મમાં શ્રીકૃષ્ણ તરીકે સૃષ્ટિ પર આવનાર છે. ૫૦૦૦ વર્ષ પહેલાં તે પ્રમાણે થયું હતુ. અત્યારે થઇ રહ્યું છે અને દરેક ૫૦૦૦ વર્ષ પછી તેમ જ થશે.

# ભારતના લાડીલા શ્રીકૃષ્ણનું આગમન



# ગીતાનું જ્ઞાન આપનાર કોણ?



# ૧૮. ગીતાનું જ્ઞાન આપનાર કોણ?

**આ** જે મનુષ્યમાત્રને ખબર નથી કે પરમપિતા પરમાત્મા શિવ, જેમને જ્ઞાનના સાગર તથા કલ્યાણકારી કહેવામાં આવે છે. તેમણે મનુષ્યમાત્રના કલ્યાણ માટે જે જ્ઞાન આપ્યું એનું શાસ્ત્ર કયું? આશ્ચર્યની વાત છે કે ભારતમાં ગીતાજ્ઞાનદાતા ભગવાન શ્રીકૃષ્ણ છે અને એમણે ગીતાનું જ્ઞાન દ્વાપરના અંતમાં યુદ્ધના મેદાનમાં અર્જુનના રથમાં બેસીને આપ્યું છે. એવી ભૂલ ભરેલી માન્યતા છે. વાસ્તવમાં ગીતાજ્ઞાન નિરાકાર પરમપિતા પરમાત્મા શિવે આપ્યું હતું. અને ત્યારબાદ આ જ્ઞાનથી સતયુગમાં શ્રીકૃષ્ણનો જન્મ થયો હતો. એટલે કે ગોપેશ્વર પરમપિતા શિવ શ્રીકૃષ્ણના પણ પારલૌકિક પિતા છે અને ગીતા શ્રીકૃષ્ણની માતા છે.

આપને આશ્ચર્ય થશે કે ખરેખર શ્રીકૃષ્ણનો જન્મ દ્વાપરમાં નહિ પરંતુ સતયુગમાં થયો હતો કારણ કે તેમને મોરમુગટ બતાવવામાં આવે છે. તે છે સંપૂર્ણ પવિત્રતાની નિશાની અને એ સમયમાં સ્વયંવર પછી નામ બદલવાની પ્રથા હતી. એટલે તો શ્રીકૃષ્ણનું નામ નારાયણ અને શ્રી રાધેનું નામ શ્રી લક્ષ્મી પડે છે. જેમ ત્રેતામાં જાનકીનું નામ શ્રી સીતા પડે છે એટલે તો આજે પણ મનુષ્યો શ્રીકૃષ્ણને નારાયણથી ઓળખે છે અને ગાય છે કે, "શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે, હે નાથ નારાયણ વાસુદેવ." આપણે જાણીએ છીએ કે નારાયણનું બાલ્યાવસ્થાનું કોઇ પણ ચિત્ર નથી અને ન કોઇ તેમની આ બાલ્યાવસ્થાની અલગ વાર્તા છે. નારાયણની જન્મજયંતી પણ અલગ ઉજવવામાં આવતી નથી. શ્રીકૃષ્ણને પીપળના પાન પર બતાવવામાં આવે છે એ સાબિત કરે છે કે સતયુગના પ્રથમ રાજકુમાર શ્રીકૃષ્ણ છે.

આમ દેવતા શ્રી કૃષ્ણનો મહિમા કરતાં આપણે કહીએ છીએ કે આપ તો સર્વગુણ સંપન્ન, સોળે કળા સંપૂર્ણ, સંપૂર્ણ નિર્વિકારી. મર્યાદાપુરુષોત્તમ અને અહિંસા પરમોધર્મી છો, જ્યારે પરમપિતા પરમાત્મા શિવની મહિમા કરતાં કહીએ છીએ-જ્ઞાનના સાગર, આનંદના સાગર, સુખના સાગર, દયાના સાગર વગેરે તો જ્ઞાન-સાગર જ જ્ઞાન આપી શકે ને? પરંતુ પૂર્ણ પવિત્ર દેવતાને અપવિત્ર સૃષ્ટિ (દ્વાપર)માં ગણીને ગીતાજ્ઞાનદાતા ગણવામાં આવ્યા છે. પરંતુ વિચાર તો કરો કે શું પરમાત્માએ દ્વાપર પછી કળિયુગી દુનિયાની સ્થાપના કરી?

આપણે જાણીએ છીએ કે ગીતાજ્ઞાન દ્વારા નરમાંથી શ્રીનારાયણ પદની પ્રાપ્તિ થાય છે. પૂર્વજન્મમાં પુરુષોત્તમ સંગમયુગે શ્રીકૃષ્ણના આત્માના અંતિમ શરીરમાં પ્રવેશીને તેનું નામ પ્રજાપિતા બ્રહ્મા રાખવામાં આવ્યું. તે બ્રહ્માએ સર્વોત્તમ પરમાત્મા નિરાકારનાં જ્ઞાન અને યોગને ધારણ કરી પૂજારી જીવનમાંથી પૂજ્ય દેવતાપદની પ્રાપ્તિ દેવોના પણ દેવ પરમાત્મા શિવ પાસેથી કરી હતી, એટલે તો ગીતા પર શ્રીકૃષ્ણનું નામ લખાયાની ભયંકર ભૂલ થઇ ગઇ.

ભગવાનુવાચ છે કે, "હું અધર્મનો વિનાશ અને સત્‌ધર્મની સ્થાપના માટે જ અવતરિત થાઉં છું." તો ભગવાનના અવતરણ બાદ કળિયુગનો પ્રારંભ માનવો તે ગ્લાનિ કરવા જેવી વાત છે. પરંતુ પરમાત્મા તો અસુરનો નાશ કરી દેવતાઓની દુનિયા-સ્વર્ગની રચના કરે છે.

ભગવાનનું મહાવાક્ય છે કે,"મારો જન્મ અને કર્મ દિવ્ય છે, હું સ્વયંભૂ છું." જ્યારે શ્રીકૃષ્ણ તો તેમના માબાપની પાલના લે છે, શિક્ષક પાસેથી વિદ્યા લે છે. જો જ્ઞાનસાગર હોય તો જ્ઞાન લેવાની શી જરૂર? વૃંદાવનમાં શ્રીકૃષ્ણે ગોપેશ્વરની પૂજા કરી હતી તે શાની યાદગાર છે? આમ ઉપરના સર્વ વિચારો પરથી સિદ્ધ થાય છે કે પરમાત્માએ ગીતાનું જ્ઞાન પુરુષોત્તમ સંગમયુગ પર આપ્યું હતું.

# ૧૯. એક ગુહ્ય પહેલી તથા ભગવાનનો વિચિત્ર રથ

**આ** જે આપણી બુદ્ધિમાં ગીતાજ્ઞાનદાતા શ્રીકૃષ્ણ છે અને તેમણે અર્જુનના રથમાં બેસી યુદ્ધના મેદાનમાં જ્ઞાન આપ્યું હતું. વાસ્તવમાં પરમાત્મા તો નિરાકાર, નિરંજન, સત-ચેતન અને આનંદ સ્વરૂપ છે. શ્રીકૃષ્ણ તો દેહધારી છે અને તેમને માતાપિતા પણ છે, પરમાત્મા તો સ્વયંભૂ છે. જો ગીતાનું અધ્યયન બરાબર કરવામાં આવે તો સિદ્ધ થાય છે કે શ્રીકૃષ્ણ દેવતા છે. જ્યારે શિવ નિરાકાર પરમપિતા પરમાત્મા છે.

આપ જ વિચારો કે હિંસા અને અહિંસા એ બેમાંથી ધર્મનું પરમ લક્ષણ કયું છે? આપણે ચોક્કસ કહીશું કે અહિંસા. કારણ કે મહાત્માઓ પણ અહિંસાનું પાલન કરે છે તો શું ભગવાને હિંસાનું-જ્ઞાન આપ્યું? તે કેવી રીતે સંભવે? હિંસા કરનાર વ્યક્તિ મહાન છે? તો પરમપિતા પરમાત્મા શિવ કોઇ લાકડાના રથમાં અથવા પાંચ ઘોડાવાળા રથમાં બેઠા નથી; પરંતુ પાંચ તત્ત્વોના બનેલા અતિસાધારણ વૃદ્ધ શરીરમાં પ્રવેશે છે; અને તેનું નામ બ્રહ્મા રાખે છે. અર્જુનનો અર્થ છે અરજ કરનાર. પરમાત્માએ કોઇ એક આત્માને જ્ઞાન સંભળાવ્યું નથી, પરંતુ આખી સૃષ્ટિને સંભળાવ્યું છે.

પરમપિતા પરમાત્મા ધર્મક્ષેત્ર અથવા કર્મક્ષેત્રની ભૂમિ પર આવે છે. નહિ કે કુરુક્ષેત્રના સ્થૂળ મેદાનમાં. જ્યારે કામ, ક્રોધ, લોભ, મોહ, અને અહંકાર રૂપી વિકારો મનુષ્ય-સૃષ્ટિને દુઃખી બનાવે છે, ત્યારે પરમાત્મા મહાવાક્ય ઉચ્ચારે છે-"અર્જુન, કામ એષ, ક્રોધ એષ" તો પછી લડાઇના મેદાનમાં તો ગોળી ચલાવવાની શિખામણ આપવી જોઇએ કે પછી વિકારો પર જીત મેળવવાની? જો લડાઇના મેદાનમાં જ્ઞાન સંભળાવ્યુ તો સામસામા તીર છુટતાં હોય ત્યાં કોઇને જ્ઞાન સંભળવાનો સમય હોય ખરો? બુદ્ધિ સ્થિર હોય? તો પરમાત્મા, પરમાત્માનું જ્ઞાન અને પરમાત્માએ સ્વીકારેલો રથ-આ સઘળી બાબતો ગુહ્ય અને ન્યારી છે.

શાસ્ત્રોમાં પાંડવો અને કૌરવોના જન્મ વિષે કેવી વાતો લખી છે? તે મનુષ્ય માટે શકય છે? પરંતુ પરમાત્માએ દિવ્ય અવતરણ દ્વારા અધર્મનો નાશ કરી સહજ રાજયોગ અને જ્ઞાનથી પતિત દુનિયાને બદલી પાવન સ્વર્ગપુરીની સ્થાપના કરી હતી. પરંતુ સ્વર્ગની દુનિયામાં આ જ્ઞાન પ્રાયઃલોપ થઇ જવાથી અને દ્વાપરયુગથી જ્યારે અન્ય ધર્મો સ્થપાયા ત્યારે સંગમયુગની જે જે વાતો લખાઇ તેમાં ઘણી જ ભૂલો થઇ, જેમકે શ્રીકૃષ્ણ દ્વાપરયુગમાં થઇ ગયા અને ગીતાનું જ્ઞાન સંભળાવ્યા બાદ સતયુગને બદલે કળિયુગ કેમ આવ્યો? નાની નાની બાબતો પર મનુષ્યોએ કંઇ જ વિચાર્યું નથી.

તેવી જ રીતે દ્વાપરયુગના લેખકોએ આ જ્ઞાનને અલંકારિક વર્ણનવાળી ભાષામાં અને ચિત્રોમાં દર્શાવ્યું. તેથી વર્તમાન દુનિયા તે સ્થૂળ ચિત્રો અને સ્થૂળ શબ્દના જ્ઞાનને વળગી રહી છે. પરંતુ તેની પાછળનું ગુહ્ય જ્ઞાન ભૂલી જઇ. શ્રીકૃષ્ણ અને લાકડાના રથને વળગી રહી છે. પરમાત્માનું મહાવાક્ય સ્પષ્ટ છે કે મારે પોતાનું શરીર ન હોવાથી હું પ્રકૃતિનો આધાર લઉં છું. એ સિદ્ધ કરે છે કે હું મનુષ્ય તનનો આધાર લઇ ગીતાનું જ્ઞાન આપું છું.

ગીતાને જ ખોટી વર્ણવતાં બધાં જ શાસ્ત્રો પણ ખોટાં થઇ ગયાં કારણ કે ગીતાને સર્વશાસ્ત્ર શિરોમણિ કહેવામાં આવે છે.

આમ ભગવાન અને રથનું પ્રાયઃલોપ થયેલું ગીતાજ્ઞાન ખુદ ગીતાના ભગવાને પ્રજાપિતા બ્રહ્મા દ્વારા સમજાવી વિકારોથી મુકત કરાવી, કૃષ્ણપુરી સ્થાપન કરી રહ્યા છે. તો એક પરમપિતા પરમાત્મા નિરાકાર શિવની આજ્ઞા "મન્મના ભવ" પ્રમાણે ચાલીને વૈકુંઠપદની પ્રાપ્તિ કરી લઇએ.

# એક ગુહ્ય પહેલી તથા ભગવાનનો વિચિત્ર રથ



# અમારું મુખ્ય ધ્યેય તથા પરમ કર્તવ્ય : ઘરઘરમાં સ્વર્ગ



# ૨૦. અમારું મુખ્ય ધ્યેય તથા પરમ કર્તવ્ય : ઘરઘરમાં સ્વર્ગ

**આ**મ તો જીવનની પ્રાથમિક જરૂરિયાત અન્ન વસ્ત્ર અને રહેઠાણ છે. તેમ છતાં આધુનિક યુગમાં મનુષ્યોની ઇચ્છા વધતી જતી હોવાને કારણે ભોગવિલાસ તથા વૈભવનાં અનેક સાધનો પણ અસ્તિત્વમાં આવ્યા છે, અથવા તો આ સર્વ સાધનોની પ્રાપ્તિ માટે મનુષ્ય સવારથી સાંજ સુધી બધા જ પ્રયત્નો કરે છે, તેમાંય ખાસ કરીને ધનની પ્રાપ્તિ માટે વિશેષ પ્રયત્નો કરે છે. કારણ કે મનુષ્ય જાણે છે કે ધનથી સુખ મળે છે. આમ અંતે ભૌતિક સુખમાં રાચતો મનુષ્ય હજુ પણ જીવનમાં કંઇક ખામી છે તેમ નિરંતર અનુભવ્યા જ કરે છે. જેમ સુખ અને દુઃખ, હાર અને જીત એક સિક્કાની બે બાજુ છે તેમ સુખ અને શાંતિ જીવનની બે પાંખો છે, તેમાંથી એક પણ પાંખ જેટલી નબળી તેટલું જ જીવન અધૂરું ઊણપવાળું હોય છે.

જીવનમાં રહેલી અશાંતિનું મૂળ કારણ છે મનોવિકાર. આજે એ અશાંતિનો સામાન્ય દાખલો લઇએ, ખાદ્યપદાર્થોમાં ભેળસેળ, લાંચરુશ્વત, પાપાચાર, ભ્રષ્ટાચાર વગેરે આ સર્વ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારનું પરિણામ છે. પરંતુ આ વિકારોને છોડવાને બદલે મનુષ્ય તેમને મિત્ર સમજી બેઠો છે. અગર તો ઝાડના મૂળમાં પાણી પાવાને બદલે પાંદડે પાણી રેડી મિથ્યા પ્રયાસો કરી રહ્યો છે. આજનો કોઇને કોઇ મનુષ્ય પોતાની જાતને એક યા બીજા ધર્મનો માને છે. તો એક પણ ધર્મશાસ્ત્ર એવું નથી કે જેમાં આ મનોવિકારોને મનુષ્યના મિત્ર ગણ્યા હોય તો પછી વિચારવા જેવો પ્રશ્ન છે કે દુશ્મન તરફથી દુઃખ વિના બીજું શું મળે?

આ વિકારોને કારણે આજનું ગૃહસ્થ જીવન નર્ક સમાન બની ગયું છે. બાળબચ્ચાઓ વાતવાતમાં લડી પડે છે, તો માબાપ ગુસ્સે થઇ જાય છે અને મારપીટને અંતે થોડીવારમાં તો આખું ઘર સ્મશાન બની જાય છે, આ છે વિકારનું પરિણામ. પરંતુ આ વિકારોને પતિતપાવન પરમપિતા પરમાત્મા છોડાવી શકે છે. તે અત્યારે ધર્મગ્લાનિના સમયે અથવા નર્કરૂપી દુનિયામાં દિવ્ય જન્મ લઇ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વવિદ્યાલય દ્વારા સહજ જ્ઞાન અને રાજયોગની વિદ્યાથી પતિત આત્માને પાવન બનાવવાનું દિવ્ય કર્તવ્ય કરી રહ્યા છે, આ વિદ્યાલયનાં હજારો ભાઇ-બહેનો ગૃહસ્થમાં રહીને પવિત્ર જીવન ગાળી રહ્યાં છે.

વિદ્યાલયમાં આવતાં જ આત્મા, પરમાત્મા અને સૃષ્ટિચક્રનો પરિચય મળે છે. ત્યારબાદ યોગની સાધના અને વિધિ મળે છે, કે જેને કારણે પુરુષાર્થ કરવાથી જીવનમાં સર્વ કાર્યો કરતાં-ચાલતાં, ઊઠતાં, બેસતાં, ખાતાં-પીતાં પરમાત્માને નિરંતર યાદ કરે છે. મનુષ્ય પોતે આત્મિક સ્મૃતિમાં સ્થિત થઇ એ નિરાકાર પરમપિતા પરમાત્મા શિવ પાસેથી શકિત પ્રાપ્ત કરી ઘરને નર્કમાંથી સ્વર્ગ બનાવી શકે.

આપણે જાણીએ છીએ કે કમળ હંમેશા કાદવમાં ખીલે છે. તેને ખોલવામાં આવે તો તેની અંદર તેના અસંખ્ય નાના-મોટાં બાળબચ્ચાં પણ હોય છે, છતાં તે હંમેશા કાદવથી અલિપ્ત અને ન્યારું રહે છે. તો આપણે પણ તેના પરથી બોધ લઇએ કે ભલે સંસારમાં રહીએ છીએ પરંતુ તે મનોવિકારરૂપી કાદવથી અલિપ્ત અને ન્યારા કે મન, વચન અને કર્મથી પવિત્ર બની નિરંતર એક પિતાની યાદમાં રહીએ કે જેથી આપણા જીવનની ઊણપો દૂર કરી સુખ, શાંતિ અને પવિત્રતા પ્રાપ્ત કરી શકીએ અને આપણા જીવનને સ્વર્ગ બનાવીએ.

ફકત પરમાત્માની દિવ્ય શકિતથી જ આ પ્રાપ્તિ થઇ શકે છે અને તે માટે પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઇશ્વરીય વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી છે.


# ૨૧. રાજયોગનો આધાર અને વિધિ

ઘણા લોકો એમ સમજે છે કે યોગ કોઇ કઠિન ક્રિયા છે. તેથી તેઓ ગૃહસ્થ-વ્યવહારમાં રહી એમ માને છે તેઓ યોગનો અભ્યાસ કરવાને લાયક નથી. વાસ્તવમાં આ માન્યતા ભ્રમભરેલી છે કારણ કે ઇશ્વરીય યોગ ઘણો જ સહજ અને સરળ છે. તેનો અભ્યાસ કરવાનો અધિકાર પ્રવૃત્તિમાં રહેનારાને પણ છે. જો કોઇ વ્યકિત યોગના આધારે અને વિધિવિધાનને બરોબર સમજી લે તો તે અવશ્ય સહમત થશે કે યોગ ખરેખર કોઇ હઠક્રિયા અથવા શરીરને કષ્ટ આપનારી ક્રિયા નથી.


**આધાર :** જન્મથી માંડી જીવનના છેલ્લા શ્વાસ સુધી વ્યકિત અનેક વ્યક્તિ સાથે કાળ અને દેશ અનુસાર અનેક સંબંધો સ્થાપિત કરે છે, સૌ પ્રથમ બાળકનો સંબંધ તેની માતા સાથે છે, પછી સમજ આવતાં તેનો સંબંધ પરિવારના સભ્યો અને શેરીના મિત્રો સાથે થાય છે, શાળામાં વિદ્યાર્થીઓ સાથે સંબંધ સ્થાપે છે. વ્યવહારિક ક્ષેત્રમાં પડતાં સંબંધોનાં પાત્રો બદલાતાં જાય છે. વિદ્યાર્થી અને શિક્ષક, દર્દી અને ડોકટર વચ્ચેનો સંબંધ સહજ છે. આ સર્વ સંબંધોની સ્થાપના સ્નેહથી થાય છે અને દરેક વ્યકિત સારા સારા સંબંધોને સ્નેહથી યાદ કરે છે અને દરેક સ્નેહયુક્ત યાદમાં પ્રાપ્તિનો સમાવેશ થયેલો હોય છે પરંતુ આપણો સર્વનો અનુભવ છે કે આ જગતના માનવો સાથેના સ્નેહ અને સ્મૃતિમાંથી થતી પ્રાપ્તિ અલ્પકાળની અને વિશેષ રીતે દુ:ખદાયી નીવડે છે. માટે અવિનાશી સુખ અને શાંતિની પ્રાપ્તિ માટે અવિનાશી સંબંધોની સ્થાપના અનિવાર્ય છે. સર્વશકિતવાન પરમાત્મા આપણા સર્વ સંબંધોને નિભાવી તેમાંથી અવિનાશી સુખની પ્રાપ્તિ કરાવવા માટે સમર્થ છે. દુન્યવી સર્વ સંબંધો વત્તાઓછા સ્વાર્થના ધોરણે સર્જાય છે. પરંતુ પરમાત્મા તો નિષ્કામી અને નિસ્વાર્થી હોઇ વળતા બદલાની અપેક્ષા રાખ્યા સિવાય સર્વ સંબંધોનું સુખ આપે છે. ફકત લૌકિક સંબંધોને અલૌકિક સમાજમાં પરિવર્તન કરવાની જ આવશ્યકતા છે.

**વિધિ :** જેમ કોઇ શરીરધારી સંતાન તેના શારીરિક લૌકિક પિતાને મળવા ઇચ્છે તો શરીર દ્વારા જ મળી શકે છે. તેવી રીતે આત્મા અને પરમાત્માનું મિલન પણ એવું જ સમાંતર છે. તેમાં શરીર અને શરીરની અન્ય મર્યાદાઓને બુદ્ધિથી દૂર કરી સ્વયંને આત્મા સમજી પરમાત્માને યાદ કરવા એ જ પાયાની વિધિ છે. સહજ રાજયોગની વિધિ સાચે જ સહજ અને સરળ છે. તેને માટે પ્રાણાયામ, માળાજાપ, આંખો બંધ કરી ધ્યાન ધરવું, જળસમાધિ, પંચાગ્નિતપ વગેરે, સર્વને માટે દુર્લભ અને શારીરિક પ્રાપ્તિ કરાવનારી હઠક્રિયાઓ જરૂરી નથી. રાજયોગ એટલે ઇશ્વરીય જ્ઞાનના આધારે કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકારથી દુષિત થયેલા મનને દેહધારી ગુરુઓના બંધનમાંથી મુકત કરી સદૈવ નિર્વિકારી પતિતપાવન મુકિત અને જીવનમુકિત અપાવનાર સમગ્ર વિશ્વના એક જ સદ્‌ગુરુ પરમપ્રિય પરમાત્માને બુદ્ધિપૂર્વક અનેક સંબંધોથી સ્નેહપૂર્વક નિરંતર શ્વાસોશ્વાસ યાદ કરવામાં લાગ્યા રહેવું. આ વિધિનો સતત અભ્યાસ કરવાથી આત્માને સ્થૂળ આકર્ષણો ખેંચતા નથી અને દુ:ખદ બંધનો અને વિકારોમાંથી મુકિત મળી જાય છે. રાજયોગની પ્રાપ્તિ થાય છે. આપ પણ આવી વિધિમાં રહી અભ્યાસ વિધાન કરશો તો તે યથાર્થ સાબિત થશે.

# રાજયોગનો આધાર અને વિધિ



# રાજયોગના નિયમ


राजयोग के स्तम्भ
परमपिता शिव परमात्मा
PILLARS of RAJYOGA
शोक
रोग
दुःख
अशान्ति
सच्चा योगी जीवन
ब्रह्मचर्य
शुद्ध अन्न
दैवी गुण
सतसंग
परमपिता शिव परमात्मा
राजयोग से विकर्म विनाश
सूर्य
लैंस
पेपर
जैसे लैंस की सहायता से सूर्य के प्रकाश से कागज जल
जाता है इसी प्रकार ज्ञान सूर्य के साथ योग से आत्मा के पाप भस्म हो जाते हैं

# ૨૨. રાજયોગના નિયમ

એક અથવા બીજા સ્વરૂપમાં યોગ સિવાય જીવનનું કોઇ પણ ક્ષેત્ર જોવા નહિ મળે પરંતુ સર્વ ફરજો બજાવતા સાચા યોગી-જીવનની અવસ્થા એ જીવનનું વાસ્તવિક લક્ષ્ય છે. જીવન જીવવાની પદ્ધતિ અનેક નિયમો માંગી લે છે. તેમાં ય નવી અલૌકિક અને અનન્ય પ્રાપ્તિ માટેના નિયમો અનેક ટકકરમાંથી પસાર થાય તેવા નક્કર, સતત ચેકિંગ માગી લે તેવા, સ્થૂળ રસનાઓથી પર અને સત્ય સંપર્ક રાખવામાં મદદ કરે છે.

ઉપર્યુકત નિયમો સામાન્ય માનવને કદાચ અઘરા લાગે. પરંતુ કોઇ પણ વિષયની સંપૂર્ણ સમજ મળતાં તે વિષયની સમગ્ર બાબતનું બુદ્ધિમાં ચિત્ર અંકાઇ જાય છે. વળી નિયમનું પાલન કરવાથી થતી પ્રાપ્તિથી સતત સજાગ રહેનાર આત્મા માટે કશું જ દુર્લભ નથી. માથા સાટે જ માલ હોય ને? જો સમગ્ર વિશ્વ પર વ્યાપક એવી અશાંતિ, દુઃખ, અપવિત્રતા અને રોગના વાતાવરણમાંથી મુકત થઇ અન્ય આત્માઓને પણ જો મુકત કરી શાંતિ, સુખ, પવિત્ર વ્યવહાર અને નિરોગીતાનું વાતાવરણ સ્થાપવું હોય તો તે માટે નિયમોનું પાલન કર્યા સિવાય કેવી રીતે ચાલી શકે? અને યોગેશ્વર પરમશિક્ષક પરમાત્મા દ્વારા શીખવાડવામાં આવતા રાજયોગ સિવાય આ દૂષિત વાતાવરણને દૂર કરી શકાય તેમ નથી. નિયમ લેવાને માટે તો એક ક્ષણ અને સંકલ્પની જરૂર છે. પરંતુ તેનું પાલન એ ઘણી ઊંચી મંઝિલ છે. પરંતુ જ્યાં સર્વ શકિતમાન સતત સાથી અને સાક્ષી હોય અને તેનો સાથ અને હાથ હોય ત્યાં લાલન અને પાલન સાચે જ સહજ બની જાય છે.

સ્વયંને અને અન્યને દેહ ન સમજતાં અવિનાશી ચૈતન્ય આત્મા સમજી મન, વચન અને કર્મના યથાર્થ જ્ઞાનથી પવિત્ર વ્યવહારનું પાલન કરી આત્મા-આત્મા ભાઇ-ભાઇની દૃષ્ટિનો અભ્યાસ કરવાથી દૈહિક આકર્ષણો નાશ પામે છે અને મહાશત્રુ કામવિકાર પર વિજય પ્રાપ્ત કરી શકાય છે. દિનપ્રતિદિન ગુણોને ધારણ કરવાથી દરેક અંગ કર્મનું રૂપ પામે છે. તેના ગુણો છુપાયેલા રહેતા નથી. બ્રહ્મચર્ય વ્રતથી પવિત્ર થયેલા દૃષ્ટિ, વૃત્તિ અને બુદ્ધિના પાત્રમાં દિવ્ય ગુણો સહજ સ્થાન પામે છે. સદૈવ આત્મિક સ્થિતિમાં રહી કમાણી કરી શાકાહારી રસોઇ બનાવી પરમાત્માની સ્મૃતિમાં રહી અન્નનું સેવન કરવાથી સત્ત્વશુદ્ધિ થતાં પરમાત્માની યાદ નિશ્ચલ રહે છે. આ બધું હોવા છતાં સંગ વિના બધું નિરર્થક છે. આ વિશ્વમાં પણ પરમાત્મા અને તેનાં વચનો સિવાય કોઇનો પણ કુસંગ છે; કારણ કે સંગ તારે અને કુસંગ ડૂબાડે છે.

યોગ પણ એક અગ્નિ છે. જેમ બિલોરી કાચને સૂર્યની દિશામાં યોગ્ય અંતરે રાખવામાં આવે તો સૂર્યનાં કિરણોની શકિત એક સ્થળે કેન્દ્રિત થઇ નીચે રહેલા કાગળને બાળે છે. તેવી રીતે આત્મા-પરમાત્મા વચ્ચે સ્થૂળ અંતરો દૂર કરી સમજપૂર્વક સાનિધ્ય સ્થાપવાથી જ્ઞાનસૂચક સર્વશકિતવાન પરમાત્માના શકિતનાં કિરણો કેન્દ્રિત કરવાથી આત્માના જન્મ-જન્માંતરના વિકર્મોનો કચરો નાશ પામતાં ૨૧ જન્મોનું નિર્વિકારી શ્રી લક્ષ્મી શ્રી નારાયણનું રાજાઓના રાજાનું પદ પ્રાપ્ત કરે છે.

# ૨૩. રાજયોગથી પ્રાપ્તિ : અષ્ટ શક્તિઓ

**યો**જના વિના તો મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી प्रयोजन मनुनिदिस्य मूर्खोऽपि प्रवर्तते। પ્રાપ્તિના લક્ષ્ય સિવાય પ્રવૃત્તિ અને પુરુષાર્થ થઇ શકે જ નહિ. પ્રાપ્તિ સમગ્ર પુરુષાર્થની કલગી છે, મહોર છે.

રાજયોગને પણ અન્ય વિદ્યાઓની જેમ વિદ્યા અને અભ્યાસના નામે ઓળખવામાં આવે છે. જેમ કે યોગવિદ્યા, યોગાભ્યાસ વગેરે. જેમ સૂર્યનાં કિરણો જળબિંદુમાંથી પસાર થતાં સપ્તરંગી મેઘધનુષ્ય સર્જાય છે, તેમ સર્વશકિતવાન જ્ઞાનસૂરજ પરમાત્માનાં સર્વસમર્થ જ્ઞાન અને યોગશકિતના દિવ્ય કિરણો જળબિંદુ જેવા આત્મામાંથી પસાર થાય ત્યારે આત્મામાં કેવા કેવા રંગોનું અલૌકિક અને ન કલ્પી શકાય તેવું, માયા સાથેના યુદ્ધમાં કામ લાગે તેવું મેઘધનુષ્ય સર્જાતું હશે! તેમ છતાં જેનું પરાપૂર્વથી ગાયન થતું આવ્યું છે તેવી અષ્ટ શકિતઓની પ્રાપ્તિનો જ અહીં ઉલ્લેખ કરીશું. એક શકિતમાં બીજી શકિત આવે છે ત્યારે શકિતઓનો સરવાળો થતો નથી પરંતુ ગુણાકાર થાય છે, જો આપમાં વિદ્યાશકિત, ધનશકિત, શારીરિકશકિત અને આધ્યાત્મિક શકિત એક સાથે હોય તો તેના બળને માપવા માટે કોઇ સાધન ખરું? આપ યોગ દ્વારા સર્વશકિત સ્વરૂપ બની સર્વશકિતવાન પરમાત્માના મુરબ્બી સંતાન મર્યાદા પુરુષોત્તમ, માસ્ટર સર્વશકિતવાન બનશો. માસ્ટર શકિતવાન નહિ સમજ્યા?

રાજયોગ દ્વારા પ્રાપ્ત થતી અષ્ટશકિતઓ પૈકી ૧. સમેટવાની શકિત ૨. સહનશકિત ૩. સમાવવાની શકિત ૪. પરખવાની શકિત ૫. નિર્ણય કરવાની શકિત ૬. સામનો કરવાની શકિત ૭. સહયોગ કરવાની શકિત અને ૮. સંકેલવાની શકિત મુખ્ય છે.

ઇશ્વરીય જ્ઞાન, યોગનો અભ્યાસ, દિવ્યગુણોની ધારણા અને ઇશ્વરીય અલૌકિક સેવાના આદર્શ પર જીવનનું મંડાણ થાય છે. ત્યારે આત્માના ત્રણે અંગ- મન, બુદ્ધિ અને સંસ્કારમાં અમૂલ પરિવર્તન આવતાં ત્રણે અંગ અસલ રૂપ ધારણ કરે છે અને સુષુપ્ત શકિતનાં ચક્રો ગતિમાન બને છે.

રાજયોગી કોઇપણ ક્ષણે તેના વ્યવહાર અને સંકલ્પોથી યાદની યાત્રામાં તૈયાર રહે છે. તેના વિસ્તારમાં કસ્ટમ અધિકારી ગમે તેટલી તપાસ કરે તો પણ બિનકાયદેસરની પ્રવૃત્તિમાં મળેલું કંઇપણ કર્મ-ફળ હોતું નથી. આ વિશ્વને બેહદનું નાટક સમજવાની દૃષ્ટિથી દરેક બાબતને સહન કરી જ્ઞાન અને યોગની કસોટીમાંથી પસાર થઇ क्षमा वीरस्य भूसळम् ના આદર્શને સ્થાપે છે. જેમ સાગર સર્વ નદીઓનાં પાણીને તેનામાં સમાવી સ્થિર રહે છે. તેમ રાજયોગી પણ દરિયા જેવું બુદ્ધિ રૂપી પેટ વિશાળ રાખી તેમાં માનપાન, અપમાન, નિંદાસ્તુતિ બધું સમાવી લે છે. બુદ્ધિની લાઇન કલીયર થતાં આંતરિક ગુપ્ત શકિતઓની પરખ આવે છે. આ પરખથી અન્યની શકિતઓને પણ પારખી શકાય છે. યોગથી મનની સ્થિરતા થતા સતોપ્રધાન થયેલી બુદ્ધિ યોગ્ય નિર્ણય લઇ શકે છે. જ્ઞાનયોગ બળથી માનવ મૃત્યુ પર્યંતના કોઇ પણ ભયને હસતા મુખે **Come whatmay** સામનો કરી આત્માની જ્યોત જલતી રાખે છે. યોગી પરમાત્માથી બીજા નંબરે છે. માટે વિશ્વકલ્યાણ માટે કળિયુગી વિઘ્નોનાં પહાડને ફેંકી દેવા કોઇપણ પ્રકારે સહયોગ આપે છે. કાચબાની જેમ સ્થૂળ અને સૂક્ષ્મ ઇન્દ્રિય સંયમનો અભ્યાસ ગમે તેટલા વિસ્તારમાં ગયેલા સંકલ્પોને સંકેલી આત્મસ્થિત થઇ અનેકગણી શકિતને વરે છે. સર્વશાકતસંપન્ન બનો. નજીકના ભવિષ્યમાં આવનાર મહાવિનાશ માટે આવી સર્વશકિતઓનો સ્ટોક જમા કરો, બીજું કશું કામ નહિ આવે, તે સુનિશ્ચિત છે.

# રાજયોગથી પ્રાપ્તિ : અષ્ટ શક્તિઓ



# રાજયોગની યાત્રા : સ્વર્ગ તરફ દોડ



# ૨૪. રાજયોગની યાત્રા : સ્વર્ગ તરફ દોડ

**રા**જયોગી તેના સતત અભ્યાસથી અનેકવિધ શક્તિઓ પ્રાપ્ત કરે છે. પ્રત્યેક શક્તિ કોઇને કોઇ દિશા તરફ ગતિશીલ બને છે. તેને માટે આવશ્યક છે - પુરુષાર્થ, શારીરિક ગતિ અને સૂક્ષ્મ ગતિમાં ઘણો ફેર છે. યોગના બળથી આત્મા શરીર અને તેના બંધનોથી મુક્ત થઇ હલકાપણું અનુભવે છે, જેટલો આત્મા હલકો એટલું તેનું બળ સવિશેષ હોય છે. વાસ્તવમાં જ્યોતિબિંદુ સ્વરૂપ આત્માને કોઇ સ્થૂળ આકાર અથવા વજન નથી હોતા. પરંતુ કામ, ક્રોધ આદિ વિકારોથી આત્મા સ્થૂળ-ભારે બની ઊડી શકતો નથી, પરંતુ પતિતપાવન પરમપિતા પરમાત્મા સાથે યોગ લગાડવાથી આત્મા રૂપી પંખીને જ્ઞાન અને યોગની સબળ પાંખોની પ્રાપ્તિ થાય છે. આ પક્ષીરૂપ આત્મા આકાશના સામાન્ય સ્તરોને પાર કરી સૂક્ષ્મ પ્રદેશોમાં બુદ્ધિથી ભ્રમણ કરે છે.

ગતિની સાથે સાથે નિયમોનું પાલન કરવાથી પતિત આત્મા વિકારમુક્ત થતાં નિર્વિકારી અને પાવન બને છે. પાવન આત્માની દૃષ્ટિમાં શારીરિક આકર્ષણ જેવું રહેતું નથી. તેની દૃષ્ટિમાં દેહને કારણે વિકૃતિ પેદા થતી નથી. ને સાથે પ્રાપ્તિઓ પ્રત્યે પણ કામના રહેતી નથી. જ્ઞાન અને યોગના અભ્યાસથી ઇન્દ્રિયો શીતળ બની જાય છે. તેથી કોઇ પણ પરિસ્થિતિમાં શીતળ સ્વભાવવાળી વ્યક્તિ ક્રોધ તરફ ન પ્રેરાતાં રહેમ દિલ બને છે. દુનિયાની સર્વ પ્રાપ્તિઓ અલ્પકાળની અને મહદ્ંશે દુઃખદાયક બને છે. માટે સ્થૂળ લોભનો ત્યાગ કરી અલૌકિક પ્રાપ્તિનો લોભ રાખવો જરૂરી છે. જેમ જેલમાં પુરાયેલો માણસ મુક્ત વિહાર કરી શકતો નથી, તેમ દેહ અને દેહના સંબંધોની મોહની જાળમાં ફસાયેલો માનવ-આત્મા પણ પ્રતિદિન આસક્ત થતો રહે છે. સર્વ અન્ય પ્રકારના મોહ છૂટી જાય છે પરંતુ શારીરિક સંબંધોનો મોહ છેલ્લા શ્વાસ સુધી પણ જતો નથી. પરંતુ દેહ અને તેના સંબંધોમાંથી થતી પ્રાપ્તિ પ્રત્યે સજાગ રહેનારી વ્યક્તિ મોહના આવરણમાંથી નીકળી શકે છે. અહંકારની શરૂઆત જન્મથી થાય છે અને તેનો ત્યાગ દુર્લભ છે. પરંતુ માણસોએ સમજી લેવું જોઇએ કે દેહ અભિમાન અનેક પાપોનું મૂળ છે. જ્ઞાન, યોગ અને દિવ્ય ગુણોના પ્રભાવથી આત્મા તેના સ્વમાનને ધારણ કરી અભિમાનથી છૂટે છે.

ઉપરનાં સર્વ બંધનો - વિકારોના મૂળમાં પરમાત્મા તરફથી થયેલ વિયોગ અને આત્મ-વિસ્મૃતિ જવાબદાર છે. પરંતુ યોગથી પ્રાપ્ત થતી આત્મસ્મૃતિ આત્માને આ નર્કની દુનિયાનાં બંધનો અને દુઃખોથી વિમુખ કરી સ્વર્ગીય સુખો તરફ અભિમુખ કરે છે. સામાન્ય યાત્રા પર આગળ વધનાર આત્મા પણ તે યાત્રા દરમ્યાન પવિત્ર જીવનને ધારણ કરે છે. વર્તમાન પુરુષોત્તમ યુગ એક દિવ્ય યાત્રાનો સમય છે, માટે તે યાત્રાને સફળ બનાવવા માટે ઇશ્વરીય સ્મૃતિ પ્રાપ્ત થતાં પવિત્રતાના બળથી સ્વર્ગના લક્ષ્યવાળી દોડ સફળ થઇ શકે. અત્યાર સુધી માનવે અનેક પ્રકારની દોડમાં હરીફાઇ કરી છે, પરંતુ વર્તમાન સમયે પરમાત્મા સર્વ આત્માઓને પવિત્રતાનું બંધન બાંધી આ દોડમાં જોડાવા આદેશ આપે છે.

# गीता ज्ञान कब क्यों और किसके द्वारा दिया गया?

# GITA KNOWLEDGE – WHEN, WHY & BY WHOM?




अन्तर्मुखता
INTROVERTNESS
FEARLESSNESS
निर्भयता
PATIENCE
धैर्यता
PURITY
HUMILITY
नम्रता
SWEETNESS
मधुरता
पवित्रता
सहनशीलता
TOLERANCE
हर्षितमुखता
CHEERFULNESS
कमल पुष्प समान पवित्र बनो
दिव्य गुण
DIVINE VIRTUES